અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ એપ્રિલ ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ વદ ૧૩ | અંક : ૨૪૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ઉત્તર પ્રદેશના સહારનપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કોંગ્રેસ પર પ્રહાર

# મોદીએ કોંગ્રેસના ઢંઢેરાને "મુસ્લિમ લીગની છાપ" ધરાવતો ગણાવ્યો

**પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ દ્વારા જે પ્રકારનો ઢંઢેરો જારી કરવામાં આવ્યો છે તે સાબિત કરે છે કે આજની કોંગ્રેસ ભારતની આકાંક્ષાઓથી દૂર છે**

। સહારનપુર, તા.૬ ।

નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ, સપા અને ઈન્ડિયા ગઠબંધન પર આકરા પ્રહારો કર્યા છે. એક રેલી દરમિયાન પીએમ મોદીએ કોંગ્રેસના ઢંઢેરાને "મુસ્લિમ લીગની છાપ" ધરાવતો ગણાવ્યો અને કહ્યું કે આજની કોંગ્રેસ ભારતને ૨૧મી સદીમાં આગળ લઈ જઈ શકતી નથી. પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસનો ઢંઢેરો એ જ વિચારને પ્રતિબિંબિત કરે છે જે આઝાદી સમયે મુસ્લિમ લીગના હતા, જે કંઈ બચ્યુ છે તેના પર ડાબેરીઓનું વર્ચસ્વ છે. પોતાના પ્રહારોને વધુ તીવ્ર બનાવતા પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ દ્વારા જે પ્રકારનો ઢંઢેરો જારી કરવામાં આવ્યો છે તે સાબિત કરે છે કે આજની કોંગ્રેસ ભારતની આકાંક્ષાઓથી દૂર છે. તેમણે કહ્યું કે તમે મારું કામ જોયું છે. મારી દરેક ક્ષણ દેશના નામે છે. તમારું સ્વપ્ન મોદીનો સંકલ્પ છે. અમે ભ્રષ્ટાચાર પર જે હુમલો કરી રહ્યા છીએ તે તમારા સારા ભવિષ્ય માટે છે. પીએમે કહ્યું કે ભ્રષ્ટાચાર ગરીબોના સપના તોડે છે અને તમને લૂંટે છે. પીએમે કહ્યું, "તમારા પુત્ર-પુત્રીઓને બચાવવા માટે હું આટલા બધા અત્યાચારોનો સામનો કરી રહ્યો છું." અહીં ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શક્તિ વિરુદ્ધ



રાહુલ ગાંધીના ભાષણ પર સવાલ ઉઠાવ્યા છે. મોદીએ કહ્યું કે આપણે એ દેશના લોકો છીએ જે શક્તિની પૂજા કરે છે, પરંતુ આ દેશની કમનસીબી છે કે ઈન્ડિયા ગઠબંધનના લોકો શક્તિને ખુલ્લી રીતે પડકારી રહ્યા છે. તેમની લડાઈ શક્તિ સામે છે. શું કોઈ શક્તિને ખતમ કરી શકે છે? જેમણે શક્તિનો નાશ કરવાનો પ્રયાસ કર્યો તેમની શું હાલત થઈ તે પુરાણો અને ઈતિહાસના પાનાઓમાં નોંધાયેલું છે. રેલીમાં ઉપસ્થિત મુસ્લિમ સમુદાયના લોકોએ પણ પીએમ મોદીની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે પીએમ મોદીએ ક્યારેય હિન્દુઓ અને મુસ્લીમો વચ્ચે ભેદભાવ કર્યો નથી. પીએમ મોદીએ કહ્યું કે ૨૦૧૪ના એ દિવસોને યાદ કરો જ્યારે દેશ ભારે નિરાશા અને સંકટના સમયમાંથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે મેં તમને બાંહેધરી આપી હતી કે હું દેશને ઝૂકવા નહીં દઉં, દેશને અટકવા નહીં દઉં. મેં સંકલ્પ કર્યો હતો કે તમારા આશીર્વાદથી હું દરેક શહેર બદલીશ. હું દરેક પરિસ્થિતિ બદલીશ, હું નિરાશાને આશામાં બદલીશ, હું આશાને વિશ્વાસમાં બદલીશ. તમે તમારા આશાવાદમાં કોઈ કસર છોડી નથી અને મોદીએ તેમની મહેનતમાં કોઈ કસર છોડી નથી. મોદીએ કહ્યું કે વિશ્વમાં ભારતનું ગૌરવ તેમના કારણે નહીં પરંતુ ૧૪૦ કરોડ દેશવાસીઓના મતની શક્તિના કારણે ગૂંજી રહ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### મોદી પાસે ગાંધી પરિવારને ગાળો આપવા સિવાય કોઈ કામ નથી



। (એજન્સી) જયપુર, તા.૬ ।

જેમ જેમ લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તારીખ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય હુમલાઓ પણ વધી રહ્યા છે. શનિવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જયપુરમાં એક રેલીને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે પીએમ મોદી પાસે ગાંધી પરિવારને ગાળો આપવા સિવાય કોઈ કામ નથી. તેમણે કહ્યું કે, "મોદીજી કહે છે કે દેશનો વિકાસ થયો છે. જૂઠ બોલવા સિવાય કોઈ ગેરંટી નથી. મોદી હંમેશા લોકોને ગેરમાર્ગે દોરે છે. કોંગ્રેસે ૫૫ વર્ષમાં શું કર્યું તેનો હિસાબ તેઓ આપી રહ્યા છે. મોદી પાસે બોલવાની નહીં માત્ર ગાળો દેવાની તાકાત છે. તેઓ માત્ર ગાંધી પરિવારનો દુરુપયોગ કરે છે. મોદી તેમની ગેરેન્ટીમાં ભાજપનું નામ લેતા નથી. ઈન્દિરા ગાંધીએ પાકિસ્તાનના બે ટુકડા કર્યા હતા. ચીનીઓ આવીને ધીમે ધીમે તેના પર કબજો કરી રહ્યા છે. શહેરનું નામ બદલવામાં આવી રહ્યું છે. ગેરંટી અમારો શબ્દ છે, મોદીએ ચોરી કરી છે. અમે હિમાચલ અને કર્ણાટકમાં જે ગેરંટી આપી હતી તેનો અમલ થયો છે. પીએમ મોદી પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, નરેન્દ્ર મોદી વડાપ્રધાન છે.

### રાજ્યમાં ૪૦ નદીઓ સૂકાઈ હોવાના અહેવાલ

## દેશમાં બિહાર રાજ્યના માથે જળસંકટ તોળાઇ રહ્યું છે

। (એજન્સી) પટણા, તા.૬ ।

ભારત દેશમાં ગરમીનો પ્રકોપ શરુ થઈ ગયો છે. ત્યારે ગરમીની સાથે સાથે ઘણા રાજ્યોમાં પાણીનો પોકાર પણ શરૂ થઈ ગયો છે. જેની સાથે નદીઓ સુકાવાના અહેવાલો સામે આવી રહ્યા છે. હજુ તો ગરમીની માત્ર શરૂઆત થઈ છે, તે પહેલા તો ઘણી જગ્યાઓ પર પાણી અછત વર્તાવા લાગી છે. ત્યારે દેશના વધુ એક રાજ્યમાં એટલે કે બિહારમાં ભારે જળસંકટની સમસ્યા શરુ થઈ ગઈ છે. મળતા અહેવાલો મુજબ બિહારમાં પીવાના પાણીની ભારે સમસ્યા સર્જાઈ હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ રાજ્યમાં ઉનાળાની શરૂઆત થતાની સાથે જ ૪૦ નદીઓ સુકાઈ ગઈ છે. જ્યારે ઘણા જિલ્લાઓમાં પાણીનું જળસ્તર ૫૦ ફુટ નીચે પહોંચી ગયું છે, જેના કારણે રાજ્યના લોકોને પીવાના પાણી માટે વલખાં મારવાનો વારો આવ્યો છે.ત્યારે અહીં કેટલીક નદીઓમાં થોડું ગણું પાણી છે, પરંતુ તેનું વહેણ આગળ વધી રહ્યું નથી અને ઘણી નદીઓ એવી છે, જેમાં ઝડપતી પાણી ખતમ થઈ રહ્યું છે. સામાન્ય રીતે ડિસેમ્બર માસ બાદ નદીઓમાં પાણીનું જળસ્તર ઘટવા લાગે છે અને ફેબ્રુઆરી માસમાં જળાશયો કે નદીઓ સુકાવાનો સિલસિલો શરૂ થઈ જાય છે. અગાઉ મે મહિનામાં પાણીની અછત સર્જાઈ હતી. જ્યારે ૫૦-૬૦ ના દાયકામાં પાણી ઘટતું હતું, પરંતુ પાણીની અછત સર્જાતી ન હતી.

### ૧૩ દેશો યુએનએચઆરસીના ઠરાવ પર મતદાન કરવાથી દૂર રહ્યાં

## ભારતે ફિલિસ્તાનના લોકો માટે આત્મ નિર્ણય પર યુએનએચઆરસીના પ્રસ્તાવના પક્ષમાં કર્યું મતદાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ભારતે પેલેસ્ટાઈનના લોકો માટે 'સ્વ-નિર્ણયના અધિકાર'ને સમર્થન આપતા સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ (UNHRC)ના ઠરાવની તરફેણમાં મતદાન કર્યું છે. ગત વર્ષથી ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. હુમલામાં બંને પક્ષોના હજારો લોકોએ જીવ ગુમાવ્યા છે. ભારતે 'પૂર્વ જેરુસલેમ સહિત કબજા હેઠળના પેલેસ્ટિનિયન પ્રદેશમાં જવાબદારી સાથે ન્યાય સુનિશ્ચિત કરવાની જવાબદારી અને માનવાધિકારની સ્થિતિ પર' ઠરાવ પર મતદાન કરવાથી દૂર રહ્યું છે કુલ ૧૩ દેશો મતદાનથી દૂર રહ્યા, જ્યારે ૨૮ દેશોએ તેને સમર્થન આપ્યું અને છએ ઠરાવની વિરુદ્ધમાં મત આપ્યો. ભારત ળાન્સ, ડોમિનિકન રિપબ્લિક અને જાપાનને પ્રસ્વાત માટે મતદાનમાં ભાગ નથી લીધો . દરમિયાન, ઠરાવની તરફેણમાં મતદાન કરનારા દેશોમાં બાંગ્લાદેશ, બ્રાઝિલ, ચીન, ઈન્ડોનેશિયા, કઝાકિસ્તાન, માલદીવ્સ, કતાર અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. જો કે, યુ.એસ., અન્ય પાંચ દેશો સાથે, ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન પર યુએનએચઆરસીના ઠરાવોની વિરુદ્ધમાં મતદાન કર્યું. દરમિયાન, યુએનએચઆરસીએ પેલેસ્ટિનિયન લોકોના સ્વ-નિર્ણયના અધિકાર પર બીજો



ઠરાવ અપનાવ્યો. જો કે, ભારતે પેલેસ્ટિનિયન લોકોના સ્વ-નિર્ણયના અધિકાર (રાજ્યનો દરજ્જો) ને સમર્થન આપવા માટે મતદાન કર્યું.યુએસ અને પેરાગ્વેએ યુએનએચઆરસીના ઠરાવની વિરુદ્ધમાં મતદાન કર્યુ યુનાઈટેડ સ્ટેટ્સ અને પેરાગ્વે સહિત ફક્ત બે દેશોએ ઠરાવની વિરુદ્ધમાં મતદાન કર્યુ હતું. આ ઉપરાંત અલ્બેનિયા, આર્જેન્ટિના અને કેમરૂન સહિત ત્રણ દેશોએ મતદાનથી દૂર રહ્યા હતા. આજની શરૂઆતમાં, યુએનએચઆરસીએ ઈઝરાયેલ વિરોધી ઠરાવ અપનાવ્યો હતો, અને તેના જવાબમાં, ઈઝરાયેલી રાજદૂતે તેના ભાષણના અંતે વિરોધમાં પૂર્ણ સત્રમાંથી બહાર નીકળી ગયા હતા, ઈઝરાયેલના વિદેશ મંત્રાલયે એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું. યુએનએચઆરસીએ શુક્રવારે ૫૫મી કાઉન્સિલ સત્રના અંતે ગાઝા પટ્ટીમાં સંભવિત યુદ્ધ અપરાધો અને માનવતા વિરુદ્ધના ગુનાઓ માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવવા માટે એક ઠરાવ અપનાવ્યો હતો. આજે અપનાવવામાં આવેલા ઠરાવમાં, યુનાઈટેડ નેશન્સે ગાઝામાં તેના યુદ્ધ માટે ઈઝરાયેલની નિંદા કરી હતી. પરંતુ ઑક્ટોબર ૭ માં હમાસ અથવા તેના ગુનાઓનો કોઈ ઉલ્લેખ નહોતો. આ ઠરાવ અપહરણ કરાયેલા લોકોને આતંકવાદી પ્રવૃત્તિના શંકાસ્પદ કેદીઓ સાથે સરખાવે છે. તે ઈઝરાયેલના પોતાના બચાવના અધિકારની પણ વિરુદ્ધ છે. વધુમાં, ઠરાવ પેલેસ્ટાઈનના 'કબજા' માટેના 'પ્રતિરોધ'ને કાયદેસર બનાવે છે, ઈઝરાયેલ પર શસ્ત્ર પ્રતિબંધની માંગ કરે છે અને ઈરાન અને તેના સાથીઓ દ્વારા હમાસને શસ્ત્રોના પુરવઠાની સ્પષ્ટ અવગણના કરે છે.

### માઈક્રોસોફ્ટ દ્વારા ચેતવણી અપાઈ

## ચૂંટણીઓમાં ચીન સાઈબર એટેકની મદદથી હસ્તક્ષેપ કરી શકે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

ભારત, અમેરિકા તેમજ દક્ષિણ કોરિયામાં આગામી સમયમાં ચૂંટણીનું આયોજન થવા જઈ રહ્યું છે. ત્યારે યોજાનારી ચૂંટણીઓમાં ચીન સાઈબર એટેકની મદદથી હસ્તક્ષેપ કરી શકે છે તેવી ચેતવણી દિગ્ગજ ટેક કંપની માઈક્રોસોફ્ટ દ્વારા આપી ત્રણેય દેશને ચેતવવામાં આવ્યા છે. અમેરિકન કંપનીની થ્રેટ ઈન્ટેલિજન્સ ટીમનુ માનવુ છે કે, ચીન સમર્થક હેકર્સ ઉત્તર કોરિયાના હેકર્સના જૂથ સાથે મળીને ચૂંટણી દરમિયાન ઉપરોક્ત ત્રણેય દેશોની ચૂંટણીને ટાર્ગેટ કરી શકે છે. સાથે સાથે ચીન ચૂંટણી પરિણામોને પ્રભાવિત કરવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એઆઈની મદદથી મટિરિયલ બનાવીને તેને વાયરલ કરવાની



યોજના પણ બનાવી રહ્યુ છે. ત્યારે આ ત્રણેય દેશોમાં જેમ જેમ ચૂંટણી નજીક આવે તેમ તેમ એઆઈની મદદથી બનાવેલા વિડિયો, ઓડિયો અને મીમ્સ સોશિયલ મીડિયા પર મોટી સંખ્યામાં જોવા મળે છે. માઈક્રોસોફટનુ માનવુ છે કે, ભારત, અમેરિકા અને દક્ષિણ કોરિયાની ચૂંટણીમાં એઆઈ એક શક્તિશાળી પરિબળ સાબિત થાય તો નવાઈ નહીં હોય.






# ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પછી ૫ નવા કોર્પોરેશન બનશે

## અત્યારની આઠ કોર્પોરેશનને ઉમેરવામાં આવે તો ૧૪ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે ગુજરાતમાં કુલ ૨૨ મહાનગરપાલિકાઓ બની જશે

। અમદાવાદ, તા.૬ ।

ગુજરાતમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની સંખ્યામાં મોટો વધારો થવા જઈ રહ્યો છે. હાલમાં ૮ મ્યુનિસિપલ કોર્પોરેશન છે. લોકસભાની ચૂંટણી પછી રાજ્યમાં પાંચ નવા મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઉમેરો થશે. સોમનાથ-વેરાવળ, ભુજ, ભરુચ, પાલનપુર અને હિંમતનગરની નગરપાલિકાઓને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફેરવવા માટે શહેરી વિકાસ વિભાગે કામગીરી શરૂ કરી દીધી છે. ચૂંટણી પછી થોડા જ દિવસોમાં તેની જાહેરાત થવાની શક્યતા છે. હાલમાં ગુજરાતમાં આઠ મ્યુનિસિપલ કોર્પોરેશન છે. અમદાવાદ, ગાંધીનગર, સુરત, રાજકોટ, વડોદરા, જામનગર, જુનાગઢ અને ભાવનગર. કોઈ શહેરને મ્યુનિસિપલ કોર્પોરેશન મળે ત્યાર પછી તેને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પાસેથી વિવિધ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે વધારે ફંડ મળી શકે છે. જોકે, તેની સાથે સાથે લોકો પર ટેક્સનો બોજ પણ વધી જાય છે તે



અલગ વાતત છે. મ્યુનિસિપલ કોર્પોરેશન બન્યા પ છી શહેર પોતાની આવક કઈ રીતે વધારી શકે તેના રસ્તા પણ શોધવામાં આવતા હોય છેઅગાઉ સરકારે નવ નવા મ્યુનિસિપિલ કોર્પોરેશન બનાવવા માટેની દરખાસ્તને મંજૂરી આપી દીધી હતી.

ત્યાર પછી વધુ પાંચ મહાનગરપાલિકા માટે જાહેરાત કરવાની તૈયારી ચાલે છે. અત્યારની આઠ કોર્પોરેશનને ઉમેરવામાં આવે તો ૧૪ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે ગુજરાતમાં કુલ ૨૨ મહાનગરપ ાલિકાઓ બની જશે. એક સિનિયર સરકારી અધિકારીએ જણાવ્યું કે નવા ૧૪ મ્યુનિસિપલ કોપ ોરેશન ઉપરાંત સરકાર અન્ય એ-ગ્રેડની મ્યુનિસિપ ાલિટીને પણ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રૂપાંતરિત કરવાનું વિચારે છે. ગુજરાતમાં ત્રણ લાખ કરતા વધુ વસતી હોય તેવા અને આગામી એક-બે વર્ષમાં ત્રણ લાખની વસતી સુધી પહોંચી જાય તેવા ઘણા શહેરો છે. જૂન ૨૦૨૩માં રાજ્યની કેબિનેટે નવસારી, ગાંધીધામ, સુરેન્દ્રનગર, વાપી અને મોરબીને મ્યુનિસિપલ કોર્પોરેશન બનાવવા માટે મંજૂરી આપી હતી. વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે મોરબી, વાપી, આણંદ, મહેસાણા, સુરેન્દ્રનગર-વઢવાણ, નવસારી અને ગાંધીધામને મ્યુનિસિપલ કોર્પોરેશનનો દરજ્જો આપવામાં આવશે. ફેબ્રુઆરીમાં સરકારે કહ્યું કે પોરબંદર અને નડિયાદને પણ અપગ્રેડ કરીને મ્યુનિસિપલ કોર્પોરેશનનો દરજ્જો અપાશે. પોરબંદર એ મહાત્મા ગાંધીનું જન્મસ્થળ છે જ્યારે નડિયાદ એ વલ્લભભાઈ પટેલનું જન્મસ્થલ છે. આ સાથે આખા ગુજરાતમાં કુલ ૨૨ મ્યુનિસિપલ કોર્પોરેશન થઈ જશે.

તેના કારણે શહેરી વિકાસના કામમાં મોટા પાયે ઝડપ આવવાની શક્યતા છે. ફેબ્રુઆરીમાં સરકારે કહ્યું કે પોરબંદર અને નડિયાદને પણ અપ ગ્રેડ કરીને મ્યુનિસિપલ કોર્પોરેશનનો દરજ્જો અપ ાશે. પોરબંદર એ મહાત્મા ગાંધીનું જન્મસ્થળ છે જ્યારે નડિયાદ એ વલ્લભભાઈ પટેલનું જન્મસ્થલ છે. આ સાથે આખા ગુજરાતમાં કુલ ૨૨ મ્યુનિસિપલ કોર્પોરેશન થઈ જશે. તેના કારણે શહેરી વિકાસના કામમાં મોટા પાયે ઝડપ આવવાની શક્યતા છે. આ સાથે આખા ગુજરાતમાં કુલ ૨૨ મ્યુનિસિપલ કોર્પોરેશન થઈ જશે. તેના કારણે શહેરી વિકાસના કામમાં મોટા પાયે ઝડપ આવવાની શક્યતા છે.

## હિંચકા પર ઝુલતી વખતે વીજ કરંટ લાગતા બે બાળકીના મોત થયા

। (એજન્સી) બનાસકાંઠા, તા.૬ ।

દાંતા તાલુકાની શાળામાં એક હ્રદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં હીંચકે ઝૂલતી ૩ બાળકીને કરંટ લાગ્યો હતો. ૨ બાળકીના મોત નિપજતા અરેરાટી મચી જવા પામી છે. મોર ડુંગરા પ્રાથમિક શાળામાં ૩ બાળકીને વીજકરંટ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. હીંચકો ખાતા સમયે વીજ કરંટ લાગ્યો અને બન્ને બાળકીઓ મોતને ભેટી. આ અંગે સામે આવેલી વિગતો અનુસાર લોખંડના હીંચકાને પાણીના બોર્ડનું સ્ટાર્ટર જોડાયેલું હોઈ જેના લીધે રમતી બાળાઓને વીજ કરંટ લાગ્યો હતો. સ્કૂલના ગ્રાઉન્ડમાં હસતી રમતી બાળાઓ અચાનક મોતને ભેટતા સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ છે. તો બીજી તરફ મૃતક બાળકીના પરિવારમાં માતમ છવાયો છે. દાંતા તાલુકાની શાળામાં એક હ્રદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં હીંચકે ઝૂલતી ૩ બાળકીને કરંટ લાગ્યો હતો. જે બાદ ૨ બાળકીના મોત નિપજતા અરેરાટી મચી જવા પામી છે. મોર ડુંગરા પ્રાથમિક શાળામાં ૩ બાળકીને વીજકરંટ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. હીંચકો ખાતા સમયે વીજ કરંટ લાગ્યો અને બન્ને બાળકીઓ મોતને ભેટી. આ અંગે સામે આવેલી વિગતો અનુસાર લોખંડના હીંચકાને પાણીના બોર્ડનું સ્ટાર્ટર જોડાયેલું હોઈ જેના લીધે રમતી બાળાઓને વીજ કરંટ લાગ્યો હતો. સ્કૂલના ગ્રાઉન્ડમાં હસતી રમતી બાળાઓ અચાનક મોતને ભેટતા સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ છે. તો બીજી તરફ મૃ તક બાળકીના પરિવારમાં માતમ છવાયો છે. હસતી રમતી બાળાઓ અચાનક મોતને ભેટતા સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ છે. તો બીજી તરફ મૃતક બાળકીના પરિવારમાં માતમ છવાયો છે.

# સુરતમાં નામચીન બુટલેગરની હત્યા કરી દેવામાં આવી

## બે શખ્સ મોઢે રૂમાલ બાંધીને ત્યાં આવ્યા હતા અને નાનીયો પટેલ પર છરીના ઉપરાછાપરી ઘા મારીને તેની હત્યા કરી નાખી

। (એજન્સી) સુરત, તા.૬ ।

સુરત શહેરમાં વધુ એક હત્યાની ઘટના બનતી હાહાકાર મચી ગયો છે. સુરતમાં નામચીન બુટલેગરની હત્યા કરી દેવામાં આવી છે. બુટલેગર નાનુ પટેલની છરીના ઘા મારી સરાજાહેર હત્યા કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. CCTVમાં હત્યાનો બનાવ કેદ થયો છે. સુરતના વેસુ વિસ્તારમાં બુટલેગર નાનુ પટેલ સવારે આગમ મોલ પાસે નાસ્તાની લારી પાસે બેઠો હતો. એ સમયે ૩ શખ્શોએ તેની હત્યા કરી નાંખી હતી. પોલીસ તપાસમાં ખુલ્યું કે, પ્રદીપ શુક્લા અને તેના સાગરિતોએ નાનુ પટેલની હત્યા કરી છે. દારૂના ધંધાની અદાવતમાં નાનુ પટેલની હત્યા થઈ હોવાનું મનાઈ રહ્યું છે.

મૃતક નાનુ પટેલ ગુનાહિત ઈતિહાસ ધરાવતો હતો. તેની સામે અગાઉ અનેક કેસ નોંધાઈ ચૂક્યા છે. શુક્રવારે વહેલી સવારે અલથાણના આગમ શોપિંગની સામે બુટલેગર નાનુ પટેલ ઉર્ફે નાનીયાની ચપ્પુના ઘા ઝીંકી જાહેરમાં હત્યા કરવામાં આવી છે. સુરત શહેરમાં બનેલી આ હત્યાની ઘટનાથી હાહાકાર મચી ગયો છે. વેસુ




વિસ્તારના આભવા રોડ પર આવેલ શોપિંગ કોમ્પ્લેક્સ નજીક આવેલી એક નાસ્તાની દુકાન પર નાનીયો પટેલ નામનો બુટલેગર બેઠો હતો. ત્યારે બે શખ્સ મોઢે રૂમાલ બાંધીને ત્યાં આવ્યા હતા અને નાનીયો પટેલ પર છરીના ઉપરાછાપરી ઘા મારીને તેની હત્યા કરી નાખી હતી.

હત્યા કરી બંને આરોપી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટના ત્યાં લગાવવામાં આવેલા CCTV માં કેદ થઈ હતી. આ ઘટનાની જાણ થતા અલથાણ પોલીસ સ્ટેશન સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસ દ્વારા આ કેસમાં વધુ તપાસ અને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, બુટલેગર નાનુ ઉર્ફે નાનીયા પટેલની હત્યા ડીંડોલી વિસ્તારમાં રહેતા પ્રદીપ શુક્લા અને તેના સાગરીતો દ્વારા કરવામાં આવી છે. જો કે, હત્યા કયાં કારણોસર કરવામાં આવી તે દિશામાં તપાસ હાલ ચાલુ છે. મૃતક નાનીયો પટેલ વિરુદ્ધ અગાઉ અનેક પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુના નોંધાયેલા છે. પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આરોપીઓને ઝડપી લેવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### અકસ્માત માટે બસ ડ્રાઈવર નું રફ ડ્રાઈવિંગ તો જવાબદાર છે

## પાંડેસરા ચીકુવાડી બીઆરટીએસ રૂટમાં ઘૂસેલી કારને બસે ટક્કર મારી

### સદનસીબે કોઈ જાનહાની થઈ નથી પાલિકાએ બીઆરટીએસ રુટમાં વાહન ચલાવતા ચાલક સામે કાર્યવાહીની કવાયત શરુ કરી છે

। (એજન્સી) સુરત, તા.૬ ।

સુરત પાલિકાના બીઆરટીએસ રુટ પર અકસ્માત માટે બસ ડ્રાઈવર નું રફ ડ્રાઈવિંગ તો જવાબદાર છે પરંતુ તેની સાથે સાથે બીઆરટીએસ રૂટમાં બેફામ વાહનો દોડાવી રહેલા વાહન ચાલકો પણ જવાબદાર છે.

પાલિકાએ બીઆરટીએસ રુટમાં સ્વીંગ ગેટ ફરીથી શરૂ કર્યા હોવા છતાં ખાનગી વાહનો બેરોકટોક બીઆરટીએસ રૂટમાં દોડી રહ્યાં છે આજે ફરી એક વાર પાલિકાના બીઆરટીએસ રૂટમાં વધુ એક વાર કાર ચાલક ઘુસી ગયો હતો. જેના કારણે પાંડેસરા ચીકુવાડી બીઆરટીએસ રૂટમાં ઘૂસેલી કારને બસે ટક્કર મારી જોકે, સદનસીબે કોઈ જાનહાની થઈ નથી. પાલિકાએ બીઆરટીએસ રુટમાં વાહન ચલાવતા ચાલક સામે કાર્યવાહીની કવાયત શરુ કરી છે. સુરત પાલિકાના બીઆરટીએસ રુટ એવા ઉધના દરવાજા-ઉન બીઆરટીએસ રૂટમાં ખાનગી વાહનો નું દુષણ છે જેના કારણે સૌથી વધુ અકસ્માત થઈ રહ્યા છે. આજે વધુ એક કાર ચાલક બીઆરટીએસ રૂટમાં વાહન દોડાવતો જોવા મળ્યો હતો. આજે પાંડેસરા ચીકુવાડી વિસ્તારના બીઆરટીએસ રૂટમાં એક કાર ચાલક વાહન દોડાવતો હતો.

### ફેમસ સોશિયલ મીડિયા એક્ટિવિસ્ટે બીજીવાર માર ખાધો

## ફોન પર વાત કરતી મહિલાને અટકાવવા જતા મહિલાએ પિયુષ ધાનાણીને લાફા ઝીંક્યા

### અગાઉ પણ પિષુય ધાનાણીને કેટલાક વાહન ચાલકોએ માર માર્યો હતો

। (એજન્સી) સુરત,તા.૬ ।

સોશિયલ મીડિયામાં રચ્યા પચ્યા રહેતા યંગસ્ટર્સ પિયુષ ધાનાણી નામથી વાકેફ છે. થોડા સમય પહેલા જ સુરતના આ સોશિયલ મીડિયા એક્ટિવિસ્ટ રોંગ સાઈડમાં આવતા વાહનોને રોકવા જતા લોકોના રોષનો ભોગ બન્યો હતો, અને લોકોએ તેને મેથીપાક ચખાડ્યો હતો. ત્યારે હવે આ ફેમસ એક્ટિવિસ્ટે બીજીવાર માર ખાધો છે. ચાલુ મોપેડ પર ફોન પર વાત કરતી મહિલાને અટકાવવા જતા મહિલાએ પિયુષ ધાનાણીને લાફા ઝીંક્યા હતા. સુરતનો સોશિયલ મીડિયા એક્ટિવિસ્ટ પિષુય ધાનાણી સતત ચર્ચામાં રહે છે. પિષુય ધાનાણી તેના માર ખાવાની ઘટનાઓને કારણે વધુ ચર્ચામા રહેતો હોય છે. ત્યારે ફરી એકવાર સુરતના વરાછા વિસ્તારમા આ કહેવાતા એક્ટિવિસ્ટને માર પડ્યો હતો. એક મહિલાએ પિષુય ધાનાણીને લાફા ઝીંક્યા હતા. મહિલા ચાલુ મોપેડમાં ફોન પર વાત કરતી હતી, જેથી પિષુય ધાનાણીએ તેને અટકાવી હતી. જેને લઈ મહિલા રોષે ભરાઈ હતી અને લાફા માર્યા હતા. આ ઘટના બાદ સ્થાનિક લોકોનું ટોળું પણ ભેગું થયું હતું. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ રોન્ગ સાઈડ ટુ વ્હીલર ચલાવતા વાહનચાલકોનો પિષુય ધાનાણી સાથે વિવાદ થયો હતો. પિયુષ ધાનાણી છેલ્લા એક વર્ષથી જુદા જુદા વિષયો ઉપર તેમજ ટ્રાફિકની સમસ્યા સામે ઝુંબેશ ઉપાડી રહ્યો છે.

## જામનગરમાં ક્રુરતાની તમામ હદ પાર કરતા ઢોર પકડતી પાર્ટીના કર્મચારીઓ



। જામનગર, તા.૬ ।

જામનગર મહાનગરપાલિકાની ઢોર પકડતી પાર્ટીના કર્મીઓ ફરી એક વખત વિવાદમાં ઘેરાયા છે. પાલિકાના પાપી કર્મચારીઓએ ગાયને ક્રુરતા પૂર્વક ઢસડી અને ટ્રેક્ટરમાં ભરી હોવાનો હચમચાવી નાખતો વીડિયો સામે આવતા પશુપાલકો અને જીવદયા પ્રેમીઓ આગબબુલા બન્યા છે. ઢોર પકડતી પાર્ટીના કર્મચારીઓની આવી ક્રૂર હરકત સામે લોકોમાં હવે રોષ જોવા મળી રહ્યો છે અને આવા કર્મચારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. વાયરલ વીડિયોએ તંત્રની આબરુ ધૂળધાણી કરી છે. બીજી બાજુ ૩૩ કરોડ દેવતાનો જ્યા વાસ અને અને ધર્મમા જેને માતા તરીકે પૂજવામાં આવે છે તે ગાયની જ આવી દુર્દશા જોયને લોકોમાં તંત્રની કામગીરી સામે આક્રોશની જ્વાળા ભભૂકી ઉઠી છે.હંમેશા વિવાદમાં ઘેરાવાની ટેવ ધરાવતી જામ્યુંકોની ઢોર પકડ પાર્ટી હવે નવા વિવાદમાં ઘેરાઈ છે. રખડતા ઢોરની ફરિયાદને લઈ અને જામનગર મહાનગરપાલિકાની ઢોર પકડ શાખા ના જવાબદારો દ્વારા ઢોર પકડવા માટે સ્થળની વિઝીટ કરવામાં આવતી હોય છે. આ દરમિયાન અનેક વખત ભૂતકાળમાં પણ પશુઓ સાથે ક્રૂરતાના વિડીયો વાયરલ થઈ ચૂક્યા છે. જોકે આ મામલે અનેક વખત લોકોમાં પણ રાવ ઉઠી છે પરંતુ જવાબદાર તંત્ર આ અંગે દયા દાખવતું નથી. તેવામાં તાજેતરમાં જ વધુ એક વીડિયો વાયરલ થયો છે. જેમાં દયાહીન કર્મચારીઓ દ્વારા ગાય સાથે રુવાટા ઉભા થઈ જાય તે રીતની ક્રુરતા કરવામાં આવી રહી છે. ગાયને ઢસડી અને ટ્રેક્ટરમાં ચડાવવામાં આવતી હોવાનું વીડિયોમાં દ્રશ્યમાન થઈ રહ્યું છે.એટલું જ નહીં ગઈ કાલે જ શહેરના ગોલ્ડન સીટી રોડ પરનો વિડીયો સામે આવ્યો હતો.

# અમદાવાદના ૨૫ વર્ષીય દિવ્યાંગ યુવાન જય ગાંગડિયાએ ’મતદાન જાગૃતિ’ અંગે કેનવાસ પેઇન્ટિંગ બનાવ્યું

## મતદાન જાગૃતિનો દીવો પ્રગટાવતો દિવ્યાંગ યુવાન જય ગાંગડિયા, દિવ્યાંગ યુવાને પોતાની અનોખી કળાથી મતદાન પર્વમાં સહભાગી થવાનો સંદેશો પાઠવ્યો

અમદાવાદ જિલ્લામાં આગામી તા.૭મી મે, ૨૦૨૪ના રોજ યોજાનારી લોકસભા સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને ’મતદાન જાગૃતિ’ અન્વયે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અવનવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ચૂંટણી તંત્ર દ્વારા દિવ્યાંગ મતદારોની સુવિધા પર પણ વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. અમદાવાદના એક એવા દિવ્યાંગ યુવાનની વાત કરવી છે, જે અચૂક મતદાન માટેનો જુસ્સો અને પ્રેરણા આપી રહ્યા છે. શહેરના ૨૫ વર્ષીય દિવ્યાંગ યુવાન જય ગાંગડિયાએ ’મતદાન જાગૃતિ’નો દીવો પ્રગટાવ્યો છે. પોતાની આગવી ચિત્રકળાથી જયે ’મતદાન જાગૃતિ’ અંગેનું કેનવાસ પેઈન્ટિંગ બનાવી લોકોને મતદાન પર્વમાં સહભાગી થવાનો સંદેશ પાઠવ્યો છે. જય ગાંગડિયાએ ’ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ’, ’વોટ ફોર ઈન્ડિયા’ જેવા મતદાન જાગૃતિને લગતા વિવિધ પેઈન્ટિંગ બનાવ્યાં છે. દિવ્યાંગ યુવાન જયે ’હું પણ મતદાન કરીશ, તમે પણ મતદાન કરો’ ની જાહેર અપીલ કરી દેશહિત ખાતર લોકશાહીના પર્વમાં સહભાગી થવા લોકોને પ્રેરિત કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ વિશ્વ દિવ્યાંગજન દિવસે જય ગાંગડિયાને શ્રેષ્ઠ દિવ્યાંગજન ૨૦૨૩નો નેશનલ એવોર્ડ દેશના રાષ્ટ્રપ તિ સુશ્રી દ્રૌપદી મૂર્મુજીના હસ્તે પ્રાપ્ત થયો હતો. જયે પોતાની આગવી કળાથી છેલ્લાં ૬ વર્ષોમાં ૩૫૦થી વધુ પેઈન્ટિંગ્સ બનાવ્યાં છે








## ન્યુઝ બોક્ષ

### મારી સાથે કેમ બોલતો નથી કહીને સગીરને મિત્રએ છરીના બે ઘા માર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

બાપુનગરમાં રહેતો ૧૪ વષીય સગીર નમાઝ અદા કરીને ઘરે પરત ફરતો ત્યારે તેના પાડોશમાં રહેતા મિત્ર સગીરને બાઈક પર બેસાડીને લઈ ગયો અને મારી સાથે કેમ બોલતો નથી, બેસવા આવતો નથી કહીને સગીરને ખભા અને પેટના ભાગે છરીના ઘા માર્યા હતા. બાદમાં નજીકમાં મુલ્લાજીના દવાખાને લોહીલુહાણ સગીરને મૂકીને તેનો મિત્ર બાઈક લઈને ફરાર થઈ ગયો હતો. આ મામલે ઘાયલ સગીરના પિતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે યુવક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. રખિયાલ નુર મહેલ હોટલની બાજુમાં રહેતા મોહમદ સાબીર શેખ અને તેમનો પરિવાર રહે છે. ૪૨ વષીય મોહમદ સાબીર ઘરેથી ઈન્ટરલોકનું કામ કરે છે. તેમનો ૧૪ વષીય દાનીશ નામનો દીકરો અભ્યાસ કરે છે. બુધવારે સાંજે તેમનો સગીર વયનો દીકરો રોજા ખોલીને નમાઝ પઢવા માટે ઘરની પાસે આવેલી મોહમદી મસ્જિદમાં ગયો હતો. ત્યાંથી પાછો ઘરે આવતો હતો, ત્યારે રસ્તામાં તેનો મિત્ર સાકીરખાન મળી ગયો અને સગીરને બાઈક પર બેસાડીને નજીકના શોપિંગ કોમ્પલેક્ષમાં લઈ ગયો હતો. જ્યાં સાકીરખાને સગીરને કહ્યું કે કેમ મારી સાથે બેસવા આવતો નથી અને બોલતો નથી. જેથી સગીરે કહ્યું કે મારા પિતાએ તારી સાથે બોલવાની ના પાડી છે માટે હું તારી સાથે બોલતો નથી અને બેસવા પણ આવતો નથી. આટલું સાંભળીને સાકીરે તેની પાસે રહેલી ધારદાર છરી કાઢીને સગીરના ડાબા ખભા પર એક ઘા મારી દીધો હતો. આથી ઈજા થવાથી સગીર બૂમાબૂમ કરવા લાગ્યો હતો જેથી સાકીરે સગીરના પેટમાં ચપ્પાનો બીજો ઘા મારી દીધો હતો. લોહી વધુ નીકળવા લાગતા સાકીરખાન પોતે જ સગીર મિત્રને બાઈક પર બેસાડીને મુલ્લાજીના ત્યાં લઈ ગયો હતો, જ્યાં આગાળ સામાન્ય પાટો બાંધીને દેવામાં આવ્યો હતો. આ વાતની જાણ સગીરના પિતાને થતા તેઓ તાત્કાલિક દોડી આવ્યા અને પોતાના દીકરાને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. દીકરાની સારવાર થઈ ગયા બાદ સાકીરખાન વિરુદ્ધ બાપુનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વિધવાને પ્રેમજાળમાં ફસાવી યુવકે દુષ્કર્મ આચર્યું

। (એજન્સી) સુરત, તા.૬ ।

સુરતના પુણા વિસ્તારમાં રહેતી વિધવા મહિલા બે મહિના અગાઉ સોશિયલ મીડિયા ફેસબુક મારફતે એક યુવકના સંપર્કમાં આવી હતી. આ યુવકે તેને મળવાના બહાને બોલાવી તેને બાઈક પર બેસાડી બારડોલી તરફ લઈ જઈને બળજબરીથી શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યુ હતું. ત્યારબાદ લગ્નની લાલચ આપીને ફરી બે વાર શરીરસંબંધ બાંધી પછી યુવક ફરાર થઈ જતાં મહિલાએ પોલીસની મદદ લેતા પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કર્યો છે. આ બનાવની વિગત એવી છે કે, પુણા વિસ્તારમાં રહેતી મહિલાના પતિનું અવસાન થયા બાદ તે તેની દીકરી સાથે એકલી જ વસવાટ કરે છે. આ દરમિયાન સોશિયલ મીડિયા ફેસબુક મારફતે રાજેશ અમૃતભાઈ પટેલ નામનો યુવાન સંપર્કમાં આવ્યો હતો. બંને વચ્ચે અવારનવાર મેસેજથી વાતચીત થતી હતી પછી ફોન નંબરની આપ-લે થઈ હતી. સંબંધોમાં આત્મીયતા વધવા માંડતા ગત તારીખ ૨૧/૨/૨૦૨૪ના રોજ વિધવા મહિલા કબુતર સર્કલ પાસે તેના સંબંધીના ઘરે બેસવા માટે ગઈ હતી. તે વખતે રાજેશનો તેના પર ફોન આવ્યો હતો. સાંજે છ વાગ્યે તું પર્વત પાટિયા ઉભી રહેજે મારે તારું કામ છે. હું તને લેવા માટે આવું છું તેમ જણાવ્યું હતું. સાંજે ૬:૦૦ વાગ્યે વિધવા મહિલા પર્વત પાટિયા ચાર રસ્તા પાસે ઉભી હતી. તરાજેશ પટેલ પોતાની બાઈક લઈને ત્યાં આવ્યો હતો. સાંજે વિધવાને બાઈક પર બેસાડી બારડોલી તરફ કોઈ ખેતરમાં લઈ જઈ તું મારી જવાબદારી છે. હું જેમ કહું તેમ કર નહિતર તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. બાદમાં બળજબરીથી તેની સાથે શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્ય હતું. ત્યારપછી રાતે આશરે ૧:૦૦ વાગ્યાના અરસામાં બાઈક પર બેસાડી હાઈ-વે ઉપર અવાવરું જગ્યાએ લઈ ગયો હતો, ત્યાં પણ દુષ્કર્મ આચર્યુ હતું. ત્યાંથી બાઈક પર બેસાડી મહિલાને સુરતમાં સવારે ચાર વાગ્યાના અરસામાં અમરોલી સર્કલ પાસે માનસરોવર ખાતે તેના મિત્રના ઘરે લાવ્યો હતો અને ત્યાં પણ લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યુ હતું. વાસનાલોલુપ રાજેશ પટેલ વિધવા મહિલાને સવારે ૮:૦૦ વાગ્યે તેના મિત્ર મંગેશના ઘરે કોસાડ આવાસ ખાતે મૂકી ફરાર થઈ ગયો હતો. આખરે ભોગ બનનાર વિધવાએ આ મામલે પુણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રાજેશ પટેલ સામે દુષ્કર્મનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અજમેરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

# અજમેરની શાળાએ બળાત્કાર પીડિતાને પરીક્ષા આપતા રોકી

**શિક્ષકોએ તેને ઘરે રહીને અભ્યાસ કરવા કહ્યું હતું કારણ કે તેની હાજરીથી શાળાનું વાતાવરણ બગડશે**

। (એજન્સી) અજમેર, તા.૬ ।

રાજસ્થાનના અજમેરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં ૧૨મા ધોરણની એક વિદ્યાર્થીનીએ આરોપ લગાવ્યો છે કે તેને બોર્ડની પરીક્ષામાં બેસવા દેવામાં આવી નથી કારણ કે ગયા વર્ષે તેની સાથે સામૂહિક બળાત્કાર થયો હતો.

વિદ્યાર્થીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે તેના શિક્ષકોએ તેને ઘરે રહીને અભ્યાસ કરવા કહ્યું હતું કારણ કે તેની હાજરીથી શાળાનું વાતાવરણ બગડશે. આ મામલામાં સંબંધિત વિભાગના અધિકારીએ આ માહિતી આપી છે.

નોંધનીય છે કે આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે પીડિતાએ બાળ કલ્યાણ સમિતિને પત્ર લખીને ઘટનાની જાણકારી આપી. બાળ કલ્યાણ સમિતિના પ્રમુખ અંજલિ શર્માએ જણાવ્યું હતું કે, પીડિતાએ તેની ફરિયાદમાં જણાવ્યું હતું કે તે ચાર મહિના પહેલા બોર્ડની પરીક્ષામાં હાજર રહી હતી અને શાળાએ તેને પરીક્ષામાં બેસવા માટે પ્રવેશપત્ર આપ્યું ન હતું. શાળાના અધિકારીઓએ પીડિતાને કહ્યું કે તેનું નામ પરીક્ષામાં હાજર રહેલા વિદ્યાર્થીઓની યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું છે.

શર્માએ જણાવ્યું હતું કે, આ બાબતને ધ્યાનમાં રાખીને, તેમણે જિલ્લા શિક્ષણ અધિકારીને પત્ર લખીને શાળા સામે કડક કાર્યવાહી કરવા અને પીડિતાનું શૈક્ષણિક સત્ર ખોરવાઈ ન જાય તેની ખાતરી કરવા જણાવ્યું હતું.

શર્માએ જણાવ્યું હતું કે પીડિતાએ ગયા વર્ષે ડિસેમ્બરમાં તેની બોર્ડની પરીક્ષા આપી હતી, પરંતુ તેને પરીક્ષા આપવાની મંજૂરી આપવામાં આવી ન હતી કારણ કે શાળાએ તેને એડમિટ કાર્ડ આપ્યું ન હતું. શાળાના શિક્ષકોએ તેને કહ્યું કે ઘરે રહીને અભ્યાસ કરો નહીંતર શાળાનું વાતાવરણ બગડી જશે. આ સાથે શર્માએ કહ્યું કે તેમના પત્રની નકલ પણ જિલ્લા મેજિસ્ટ્રેટને સોંપવામાં આવી છે. આ ઉપરાંત, બાળ કલ્યાણ સમિતિ પીડિતને કાનૂની સહાય પૂરી પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ સાથે પણ વાતચીત કરી રહી છે.

બોર્ડની પરીક્ષાઓ પૂરી થઈ ગઈ હોવા છતાં, બાળ કલ્યાણ સમિતિએ કહ્યું કે તે પીડિતને બોર્ડની પૂરક પરીક્ષામાં બેસવા દેવા માટે પ્રયત્નો કરી રહી છે. બોર્ડની પરીક્ષાઓ પૂરી થઈ ગઈ હોવા છતાં, બાળ કલ્યાણ સમિતિએ કહ્યું કે તે પીડિતને બોર્ડની પૂરક પરીક્ષામાં બેસવા દેવા માટે પ્રયત્નો કરી રહી છે.

વિમાનમાં વધુ એક પેશાબ કાંડ, આમ કરવા બદલ પેસેન્જરને દંડ ફટકારવામાં આવ્યો છે

# પ્લેનમાંથી ઉતરવામાં વિલંબ દરમિયાન, એક યાત્રીએ કપમાં પેશાબ કર્યો

। (એજન્સી) સિડની, તા.૫ ।

ઉડતા વિમાનોમાં એક પછી એક પેશાબ કાંડની ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. આ વખતે ઓસ્ટ્રેલિયાના એક પ્લેનમાં પેશાબ કાંડની ઘટના સામે આવી છે. એક હવાઈ યાત્રીએ એવી જગ્યાએ પેશાબ કર્યો કે તમે તેના વિશે સાંભળીને આશ્ચર્યચકિત થઈ જશો. પેસેન્જરના આ પગલાથી સમગ્ર પ્લેનમાં ખળભળાટ મચી ગયો હતો. મામલો સિડની એરપોર્ટનો છે. ફ્લાઈટ અહીં પહોંચ્યા પછી, પ્લેનમાંથી ઉતરવામાં વિલંબ દરમિયાન, એક યાત્રીએ કપમાં પેશાબ કર્યો. આમ કરવા બદલ પેસેન્જરને દંડ ફટકારવામાં આવ્યો છે. ઑસ્ટ્રેલિયન સત્તાવાળાઓએ શુક્રવારે જણાવ્યું હતું કે, ગયા ડિસેમ્બરમાં ઑકલેન્ડથી એર ન્યુઝીલેન્ડની ૩ કલાકની ફ્લાઈટમાં બનેલી આ ઘટના, ફેબ્રુઆરીમાં આક્રમક વર્તન બદલ સિડનીની કોર્ટે ૫૩ વર્ષીય ૬૦૦ ઑસ્ટ્રેલિયન ડૉલર (૩૯૫ અમેરિકન ડોલર)નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઘટના શુક્રવારે લોકોના ધ્યાન પર આવી, જ્યારે ન્યૂઝીલેન્ડની ન્યૂઝ વેબસાઈટ સ્ટફએ અહેવાલ આપ્યો કે તે જ પંક્તિમાં એક મુસાફર હોલીએ કહ્યું કે તેણે ફ્લાઈટ ક્રૂને આ વર્તનની જાણ કરી હતી. હોલીએ કહ્યું કે તે અને તેની ૧૫ વર્ષની પુત્રી ગરીયારે અને વચ્ચેની સીટ પર બેઠા હતા ત્યારે વિન્ડો સીટ પરના વ્યક્તિએ કપમાં પેશાબ કર્યો હતો. પુરૂષ મુસાફરનું નામ જાહેર કરવામાં આવ્યું નથી. હોલીએ જણાવ્યું હતું કે પ્લેન લગભગ ૨૦ મિનિટ સુધી રસ્તા પર પાર્ક કરીને ટર્મિનલ ગેટ ફાળવવાની રાહ જોઈ રહ્યું હતું જ્યારે તેણે પેસેન્જર કપમાં પેશાબ કરતો હોવાનો સ્પષ્ટ અવાજ સાંભળ્યો હતો, સ્ટાફના અહેવાલમાં જણાવાયું હતું. તેણીએ કહ્યું કે તે માણસ "દેખીતી રીતે તદન નશામાં હતો" અને પ્લેનમાંથી બહાર નીકળતી વખતે તેણે ફ્લાઈટ એટેન્ડન્ટ પર પેશાબ ફેલાવ્યો. હોલીએ જણાવ્યું હતું કે પ્લેન લગભગ ૨૦ મિનિટ સુધી રસ્તા પર પાર્ક કરીને ટર્મિનલ ગેટ ફાળવવાની રાહ જોઈ રહ્યું હતું જ્યારે તેણે પેસેન્જર કપમાં પેશાબ કરતો હોવાનો સ્પષ્ટ અવાજ સાંભળ્યો હતો, સ્ટાફના અહેવાલમાં જણાવાયું હતું. તેણીએ કહ્યું કે તે માણસ "દેખીતી રીતે તદન નશામાં હતો" અને પ્લેનમાંથી બહાર નીકળતી વખતે તેણે ફ્લાઈટ એટેન્ડન્ટ પર પેશાબ ફેલાવ્યો.

ભારતીય પરિવાર મૂળ તેલંગણાથી અમેરિકા ગયો હતો

# ફ્લોરિડામાં સોફ્ટવેર કંપનીમાં કામ કરતા એક કપલને કાર અકસ્માત નડ્યો

। (એજન્સી) ફ્લોરિડા, તા.૬ ।

અમેરિકામાં વસતા ભારતીય સમુદાય સાથે વધુ એક દુખદાયક ઘટના બની છે. ફ્લોરિડામાં સોફ્ટવેર કંપનીમાં કામ કરતા એક કપલને કાર અકસ્માત નડ્યો છે જેમાં એક વર્ષના બાળકનું મોત થયું છે જ્યારે ૧૧ વર્ષના બાળકને ઈજા થઈ છે. આ ભારતીય પરિવાર મૂળ તેલંગણાથી અમેરિકા ગયો હતો અને આઈટી સેક્ટરમાં કામ કરે છે. પતિ-પત્ની બંનેને સારી એવી ઈજા થઈ છે. આ ફેમિલી હાઈવે પર એક કારને ઓવરટેક કરવા જતો હતો ત્યારે પોતાની કાર પરથી કન્ટ્રોલ ગુમાવ્યો હતો જેના કારણે આ એક્સિડન્ટ થયો હતો. પોલીસે જણાવ્યા પ્રમાણે બોમિડી અનુષા અને કોમારેડ્ડી સુશીલ અમેરિકામાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે કામ કરે છે. તેઓ ૧૧ વર્ષના પુત્ર અદ્વૈત માટે એક ફેસિયલ થેરેપી કરાવીને પરત આવતા હતા ત્યારે એક્સિડન્ટ નડ્યો હતો.

ફ્લોરિડા હાઈવે પેટ્રોલે જણાવ્યું કે પરિવારના ચાર સભ્યો કારમાં બેસીને જતા હતા ત્યારે અચાનક તેમણે કન્ટ્રોલ ગુમાવ્યો હતો અને કાર હાઈવે પરથી ઉતરીને ગોથું ખાઈ ગઈ હતી. ત્યાર પછી કાર એક ઝાડ સાથે ટકરાઈ હતી. આ ઘટના શુક્રવારે રાતે બની હતી. એક વર્ષના બાળકને તાત્કાલિક એરલિફ્ટ કરીને મોટી હોસ્પિટલે લઈ જવાયો હતો, પરંતુ તેને બચાવી શકાયો ન હતો. પરિવારના બીજા ત્રણ સભ્યોને પણ ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં ડોથનની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ એક્સિડન્ટમાં પિતા અને પુત્રને માથામાં ઈજા થઈ છે જ્યારે બાળકની માતા અનુષાને પગ અને ચહેરા પર મલ્ટિપલ ફ્રેક્ચર થયા છે.

આ ભારતીય પરિવાર તેલંગણાના મહેબૂબ નગરનો હતો અને અમેરિકામાં વસતો હતો. આ પરિવારની સારવારનો ખર્ચ એકઠો કરવા માટે હાલમાં એક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ માટે ગો ફંડ પર એક પેજ પણ શરૂ કરવામાં આવ્યું છે જેથી સારવાર માટે ડોલર એકત્ર કરી શકાય. અનુશાની બહેને લખ્યું છે કે આ એક્સિડન્ટ પછી તેના બહેનનો પરિવાર બહુ મોટી સમસ્યાનો સામનો કરી રહ્યો છે. હાલમાં પિતા સુશીલ અને તેનો પુત્ર અદ્વૈથને આઈસીયુમાં રાખવામાં આવ્યા છે અને તેમની હાલત ગંભીર છે. તેમને સાજા થવામાં ઘણો લાંબો સમય લાગશે. આ ઉપરાંત અનુશાને પણ ઘણા બધા ફ્રેક્ચર હોવાના કારણે તેને પણ ઘણા સમય પછી રિકવરી આવશે. આ તમામ સારવાર માટે ભારે મેડિકલ ખર્ચ આવવાનો છે. તેથી ગો ફંડના પેજ પર જઈને ઉદાર હાથે દાન કરવા માટે તેની બહેને વિનંતી કરી છે. આ પરિવારની સારવારનો ખર્ચ એકઠો કરવા માટે હાલમાં એક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ માટે ગો ફંડ પર એક પેજ પણ શરૂ કરવામાં આવ્યું છે જેથી સારવાર માટે ડોલર એકત્ર કરી શકાય. અનુશાની બહેને લખ્યું છે કે આ એક્સિડન્ટ પછી તેના બહેનનો પરિવાર બહુ મોટી સમસ્યાનો સામનો કરી રહ્યો છે. હાલમાં પિતા સુશીલ અને તેનો પુત્ર અદ્વૈથને આઈસીયુમાં રાખવામાં આવ્યા છે અને તેમની હાલત ગંભીર છે.

તેમને સાજા થવામાં ઘણો લાંબો સમય લાગશે. આ ઉપરાંત અનુશાને પણ ઘણા બધા ફ્રેક્ચર હોવાના કારણે તેને પણ ઘણા સમય પછી રિકવરી આવશે. આ તમામ સારવાર માટે ભારે મેડિકલ ખર્ચ આવવાનો છે. તેથી ગો ફંડના પેજ પર જઈને ઉદાર હાથે દાન કરવા માટે તેની બહેને વિનંતી કરી છે.



હજુ ઉનાળાની શરુઆત થાય છે ત્યા તો AMC દ્વારા બનાવેલ તળાવ ચાંદલોડિયા અને ન્યુ રાણીપના તલાવ સુકાઈ ગયા છે

## ચૂંટણીમાં ૯૨ વર્ષિય વૃદ્ધ પ્રથમ વખત મતાધિકારનો ઉપયોગ કરશે

। (એજન્સી) સાહિબગંજ, તા.૬ ।

ઝારખંડના ૯૨ વષીય દિવ્યાંગ ખલીલ અંસારી લોકસભા ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કરશે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) એ સાહિબગંજ જિલ્લા ચૂંટણી અધિકારીઓને મતદાર યાદીમાં તેમનું નામ નોંધવાનો આદેશ આપ્યા પછી આ શક્ય બનશે. સીઈઓ કે રવિ કુમાર શુક્રવારે સાહિબગંજ ગયાં હતાં અને ઝારખંડની રાજધાની રાંચીથી લગભગ ૪૫૦ કિમી દૂરના આ જિલ્લાના મુન્દ્રો બ્લોકમાં મતદાન મથકોનું ઓચિંતું નિરીક્ષણ કર્યુ હતું. તેમણે અનેક ગામોની મુલાકાત પણ લીધી હતી તથા વરિષ્ઠ નાગરિકો અને શારીરિક રીતે અશક્ત મતદારોને મળ્યા હતાં. આ મુલાકાત દરમિયાન તેમણે અંસારીને પૂછ્યું કે શું તેમણે મતદાર તરીકે નોંધણી કરાવેલી છે. આ સવાલના સવાબમાં અન્સારીએ જણાવ્યું હતું કે "મેં ક્યારેય મારા મતાધિકારનો ઉપયોગ કર્યો નથી કારણ કે મતદાર યાદીમાં મારું નામ નથી." આ પછી અધિકારીઓને તાત્કાલિક અસરથી તેમનું નામ મતદાર યાદીમાં દાખલ કરવાનો આદેશ અપાયો હતો. અંસારીએ CEOનો આભાર વ્યક્ત કર્યો.

કુકર, મિક્સર, સાડીઓ, દુપટ્ટા અને ટ્રાઉઝર જેવી સામગ્રી જપ્ત કરાઈ

# કર્ણાટકમાં મતદારોને રીઝવવા નેતાઓએ પાન-મસાલા, ગુટખા વહેંચવાનું શરુ કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

લોકસભા ચૂંટણી દરમિયાન ઉમેદવારો મતદારોને આકર્ષવા અવનવી તરકીબો અજમાવી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ આ વખતે ઉમેદવારો મતદારોને આકર્ષવા માટે તમાકુ, ખુશબુદાર ગુટખા, સ્માર્ટ ટીવી જેવી ચીજો પણ ઓફર કરી રહ્યા છે. જાણકારનો કહેવા પ્રમાણે ચૂંટણીમાં લ્હાણી તરીકે પાન-મસાલાનો આપવા સામાન્ય નથી. સામાન્ય રીતે લોકોને કપડાંની ઓફર કરવામાં આવે છે. મુખ્ય ચૂંટણી અધિકારી વેન્કટેશ કુમારે જણાવ્યું કે, જપ્ત કરાયેલી સામગ્રીમાં કુકર, મિક્સર, સાડીઓ, ચુડીદાર, દુપટ્ટા અને ટ્રાઉઝર સામેલ છે. બિદર, શિવમોગા, ચિકમંગલુરુ અને ગુલબર્ગા આ લિસ્ટમાં સૌથી ઉપર છે. ગેરકાયદે વહેંચવામાં આવી રહેલા આ સામાન જપ્ત કરીને પર પોલીસે ધરપકડની કાર્યવાહી શરુ કરી છે. રિપોર્ટ અનુસાર, પોલીસે શિવમોગામાં



ચોખા, મીઠુ અને તેલના પાઉચ પણ પકડ્યા છે. ચૂંટણી અધિકારીના કહેવા પ્રમાણે, આ વખતે કરિયાણાનો સામાન સૌથી વધુ પ્રમાણમાં જપ્ત થઈ રહ્યો છે. મતદારોને લલચાવવા અપાતી સામગ્રીમાં ટામેટા સોસ, ટીવી બોક્સ, ટી બેગ અને ખુશબુદાર તમાકુ સામેલ છે. મુખ્ય ચૂંટણી અધિકારી વેન્કટેશ કુમારે જણાવ્યું કે, હજુ સુધી એ નિશ્ચિત નથી કે આ સામાનનો ઉપયોગ મતદારોને આકર્ષવા માટે કઈ પાટીના કાર્યકરો દ્વારા થઈ રહ્યો હતો, પરંતુ બિલ વિનાનો આટલી મોટી માત્રામાં સામાન વહેંચવો એ ગુનો છે. આ ઉપરાંત, બિદરમાંથી રુપિયા ૧૦ લાખની કીંમતના ચાર હજાર કિલો પાન મસાલાનો જથ્થો જપ્ત કરાયો છે. મતદારોને આકર્ષવા માટે પાનમસાલનો ઉપયોગ મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે. ચિકબલ્લાપુર પોલીસે ૯૬ મોંઘી ઘડિયાલ પણ જપ્ત કરી છે, જેની કીંમત રૂપિયા ૨૪ લાખ હોવાનું કહેવામાં આવી રહ્યું છે. કર્ણાટકમાં ચૂંટણી પૂર્વેની લ્હાણી કોંગ્રેસ અને જેડીએસ વચ્ચે સંઘર્ષનો મુદ્દો બન્યો છે. કોંગ્રેસના એમપી ડીકે સુરેશ સામે જેડીએસ પ્રમુખ એચડી દેવેગૌડાની ફરિયાદને પગલે ચૂંટણી પંચે તાજેતરમાં કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારીને તાત્કાલિક પગલાં લેવા આદેશ આપ્યો હતો. કર્ણાટકમાં ચૂંટણી પૂર્વેની લ્હાણી કોંગ્રેસ અને જેડીએસ વચ્ચે સંઘર્ષનો મુદ્દો બન્યો છે. કોંગ્રેસના એમપી ડીકે સુરેશ સામે જેડીએસ પ્રમુખ એચડી દેવેગૌડાની ફરિયાદને પગલે ચૂંટણી પંચે તાજેતરમાં કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારીને તાત્કાલિક પગલાં લેવા આદેશ આપ્યો હતો.

અબુધાબીમાં છેલ્લા બિગ ટિકિટ લાઇવ ડ્રો સીરીઝ ૨૬૨માં

# કતારમાં રહેતા ભારતીય રમેશ કન્નનને ૨૨ કરોડની લોટરી લાગી

**રમજાનના પવિત્ર મહિનામાં જીત હાંસલ કરીને ખુદને ધન્ય માની રહ્યો છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

કતારમાં રહેનાર ભારતીય રમેશ કન્નનને લકી ડ્રોમાં જેકપોટ હાંસલ કર્યો છે. અબુધાબીમાં છેલ્લા બિગ ટિકિટ લાઈવ ડ્રો સીરીઝ ૨૬૨માં રમેશને ૧ કરોડ દિરહમ(લગભગ ૨૨ કરોડ ભારતીય રુપિયા)નું ઈનામ લાગ્યું છે. રમેશ છેલ્લા ૧૫ વર્ષથી કતારમાં રહે છે.

કતારને પોતાનું ઘર માનનાર મિકેનિકલ ટેકનિશિયન રમેશનું કહેવું છે કે આ જેકપોટ પછી તેના આનંદનો કોઈ પાર નથી. રમજાનનો પવિત્ર મહિનો મોટું સૌભાગ્ય લઈને આવ્યો છે. રમેશે વધુમાં કહ્યું કે રમજાનના પવિત્ર મહિનામાં જીત હાંસલ કરીને ખુદને ધન્ય માની રહ્યો છું. મને જીતની આશા હતી અને દરેક મહિને હું પ્રાર્થના કરતો હતો કે હું જીતું. ગત મહિને ભવ્ય પુરસ્કાર જીતવાથી ફક્ત એક નંબર પાછળ હતો. મારી પાસે એક આંકડો છોડીને સંખ્યાઓનો સમાન ક્રમ હતો. મને ત્યારે થોડું દુખ થયું હતું, પરંતુ મને ખાતરી હતી કે હું એક દિવસ જીતીશ. છેવટે એ દિવસ આવ્યો અને મને ઈનામ મળ્યું. આટલી મોટી રકમ જીતવા માટે તેણે અત્યાર સુધીમાં લોટરી ખરીદવા માટે ઘણાં નાણાં નો વ્યય પણ કર્યો છે. જોકે હવે એકસાથે આટલી જંગી રકમ જીતતાં તેને અગાઉ ગુમાવેલા નાણાં અંગે કોઈ પસ્તાવો નથી. બિગ ટિકિટ રેફરલ ડ્રોમાં ભાગ લેવાના કારણો અંગે પૂછવામાં આવ્યું, તો પહેલીવાર વિજેતા બનેલા રમેશે કહ્યું કે હું ભારતમાં મારા પરિવાર માટે ઘર બનાવવાની યોજના બનાવી રહ્યો છું. ભારતમાં એ ભાડાના મકાનમાં રહે છે અને પરિવાર માટે એક ઘર બનાવવાની ઈચ્છા છે. આ જેકપોટ પછી હું છેવટે મારા સપનાનું ઘર બનાવી શકીશ, જ્યાં મારી પત્ની, બહેન અને માતા-પિતા રહી શકશે.' તો પહેલીવાર વિજેતા બનેલા રમેશે કહ્યું કે હું ભારતમાં મારા પરિવાર માટે ઘર બનાવવાની યોજના બનાવી રહ્યો છું. ભારતમાં એ ભાડાના મકાનમાં રહે છે અને પરિવાર માટે એક ઘર બનાવવાની ઈચ્છા છે. આ જેકપોટ પછી હું છેવટે મારા સપનાનું ઘર બનાવી શકીશ, જ્યાં મારી પત્ની, બહેન અને માતા-પિતા રહી શકશે.'

## તંત્રી લેખ...

# 'સંધ્યાક' સર્વે શિપ ભારતીય નૌકાદળમાં સામેલ થશે

ભારતીય નૌકાદળમાં શનિવારે સર્વે શિપ સંધ્યાક સામેલ કરવામાં આવશે. વિશાખાપટ્ટનમના નેવલ ડોકયાર્ડમાં આયોજિત આ કાર્યક્રમમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહ, નેવી ચીફ એડમિરલ અને ઈસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસરની હાજરીમાં સામેલ થશે. આ સર્વેક્ષણ શિપ કોલકાતાના ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ અને એન્જિનિયર્સ દ્વારા બનાવવામાં આવ્યું છે. હવે આવા વધુ ચાર સર્વે શિપ બનાવવામાં આવશે અને તેનો સમાવેશ કરવામાં આવશે. સફળ પરીક્ષણ અને ટ્રાયલ બાદ હવે તેને નેવીનો એક ભાગ બનાવવામાં આવી રહ્યો છે, જે ખાસ રીતે કામ કરશે અને દુશ્મન પર પણ નજર રાખશે અને તેના ઈરાદાઓથી વાકેફ કરશે. કેટલું ખાસ છે સર્વે જહાજ સંધ્યાક તે જાણો. સુરક્ષાના દૃષ્ટિકોણથી સંધ્યાક ખૂબ જ ખાસ છે. તેનું કાર્ય દરિયાઈ નેવિગેશનને સરળ બનાવવાનું છે. દરિયાની ઊંડાઈ પર નજર રાખી શકશે. સંધ્યાકમાં ૧૮ અધિકારીઓ અને ૧૬૦ સૈનિકો તૈનાત કરી શકાય છે, જે બે ડીઝલ એન્જિન પર ચાલશે. ૨૮૮ ફૂટ લાંબા સર્વે શિપનું વજન ૩૪૦૦ ટન છે. ૪૨ ટકા હાઈ બીમ ધરાવતું આ સર્વે શિપ ઈસ્ટર્ન નેવલ કમાન્ડ, વિશાખાપટ્ટનમમાં તૈનાત કરવામાં આવશે. ખાસ વાત એ છે કે તે ૮૦ ટકા સ્વદેશી છે. આમાં બોફોર્સ ગનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંધ્યાકમાં ચેતન હેલિકોપ્ટર તૈનાત કરી શકાય છે. તે સમુદ્રમાં જાસૂસી કરતા ચીની જહાજોનો જવાબ આપશે. સર્વે શિપ સંધ્યાક દરિયાઈ નેવિગેશનમાં સુધારો કરશે. તે બંદરો અને દરિયાકાંઠાના વિસ્તારોનો સર્વે કરશે. દરિયાની ઉંડાઈમાં હાઈડ્રોગ્રાફિક સર્વે ઘણી માહિતી આપશે. આ સાથે તે નૌકાદળની કામગીરીમાં મહત્વની ભૂમિકા ભજવશે. તે મલ્ટિ-બીમ ઈકો-સાઉન્ડર્સ, સેટેલાઈટ આધારિત પોઝિશનિંગ સિસ્ટમ્સ અને સ્થળીય સર્વેક્ષણ સાધનો સહિત અત્યાધુનિક હાઈડ્રોગ્રાફિક સાધનોથી સજ્જ છે. નવું સર્વેક્ષણ જહાજ સંધ્યાક તેના અગાઉના વર્ઝનનું નોંધપાત્ર રીતે અપગ્રેડેડ વર્ઝન છે. જૂનું વર્ઝન ૧૯૮૧ થી ૨૦૨૧ સુધી ભારતીય નૌકાદળની સેવામાં હતું. બાદમાં તેને દૂર કરવામાં આવ્યું હતું. જૂના વર્ઝનની સરખામણીમાં નવું સર્વે શિપ ઘણું અદ્યતન છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સંધ્યાક સેનાના ૪ એડવાન્સ સર્વે શિપમાંથી એક છે. કોલકાતાના ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE), જે કંપનીએ તેને બનાવ્યું છે, તેણે અગાઉ ભારતીય નૌકાદળ માટે ઘણા યુદ્ધ જહાજોનું નિર્માણ કર્યું છે. GRSE એ ૧૯૬૧માં દેશનું પ્રથમ સ્વદેશી યુદ્ધ જહાજ INS અજય વિકસાવ્યું હતું. ત્યારથી, તેણે ભારતીય સેના માટે ૭૦ થી વધુ યુદ્ધ જહાજોનું ઉત્પાદન કર્યું છે. તેનો ઉપયોગ હોસ્પિટલ શિપ તરીકે પણ થઈ શકે છે. માનવીય મદદ અને રાહત કામગીરીમાં પણ વાપરી શકાય છે. GRSEના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર કહે છે કે, ભારતીય નૌકાદળ માટે ૧૮ વધુ યુદ્ધ જહાજો તૈયાર કરવામાં આવી રહ્યા છે. આમાં ૧૭૭ અદ્યતન યુદ્ધ જહાજો, આઠ સબમરીન વિરોધી યુદ્ધ જહાજો અને ચાર નેક્સ્ટ જનરેશન પેટ્રોલ શિપનો સમાવેશ થાય છે. આ રીતે ભારતીય નૌકાદળ વધુ મજબૂત બનશે અને દુશ્મનને જડબાતોડ જવાબ આપશે.

# હાથસણી ખાતે તળાવ ઊંડા કરવાના કાર્યનો પ્રારંભ કરાવતા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

**બંને તળાવોને ઊંડું ઉતારવાની કામગીરી થતા હાલની ૫.૩ એમ.સી.એફ.ટી. જળ સંગ્રહ ક્ષમતામાંથી ૮ એમ.સી.એફ.ટી થશે**







। (માહિતી) રાજકોટ ।

રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના હાથસણી ખાતે આવેલ બંને તળાવ ઊંડા ઉતારવાના કામનો પ્રારંભ કરાવ્યો હતો. નોંધનીય છે કે હાથસણી તળાવો ૧ અને ૨ની ની હાલની ક્ષમતા અનુક્રમે ૩.૫ ને ૧.૮ એમ.સી.એફ.ટી. છે, જે તળાવો ઊંડું ઉતારવાની કામગીરી પૂર્ણ થયે અનુક્રમે ૫ અને ૩ એમ.સી.એફ.ટી. થશે.આ તળાવો ઉંડા થતાં હાથસણી ગામમાં પાણીનો સંગ્રહ થશે અને પાણીના તળ ઉંચા આવતા ખેડૂતોને તેમજ નાગરિકોને ફાયદો થશે. આ તકે મંત્રીશ્રીએ ગામલોકો સાથે સંવાદ પણ કર્યો હતો અને સૌને આગામી સમયમાં મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં વીંછિયા માર્કેટિંગ યાર્ડ સામેના મેદાનમાં તા.૧૧ નાં યોજનારા કાર્યક્રમમાં પધારવા આમંત્રણ પાઠવ્યું હતું. આ પ્રસંગે અગ્રણીશ્રી અશ્વિનભાઈ સાંકળિયા અને પદાધિકારીઓ, ગામના આગેવાનો તેમજ ગામલોકો ઉપસ્થિત રહ્યા હતા.

## રામ એટલે જ ધર્મ! રામ એટલે જ સત્ય!

# રામ એટલે જ કાળ! અને રામ એટલે જ મૃત્યુ છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સીતા વિભિસરણ ને કહે છે વિભિષણ સત્યનું સ્થાન હૃદયમાં નથી, સત્યનું સ્થાન આચરણમાં છે, સત્યનું સ્થાન નીતિમાં છે, અને સત્યનું સ્થાન માત્ર સ્પર્ધા પૂરતું નથી, કે જ્ઞાન પૂરતું નથી. એને આચરણમાં મૂકવાનું હોય છે એનો અમલ કરવાનો હોય છે અને એને વિચારમાં પ્રસ્થાપિત કરી જીવવાનું હોય છે!**

। શીર્ષક- માનસ સેતુ (ભાગ ૩) (રામેશ્વર) ।

આમ તો હમણાં લગભગ બધી જ ચેનલો તેમજ વર્તમાન પત્રોમાં ચૂંટણી અને ને સંદર્ભેજ સમાચાર હોય છે, અને આચારસંહિતા લાગુ પડી ગઈ હોવાથી આપણે રાજકારણ વિશે મૌન રહેવાનું છે!; ઘણીવાર વિચાર આવે કે આચાર એટલે કે આચરણ શું કંઈ એક કે દોઢ મહિનો જ રાખવાનું હોય! ખેર એ આપણો આજનો વિષય નથી. ગઈકાલે ટીવી ઓન કર્યું તો કોઈ ન્યુઝ ચેનલ પર ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ એ જાહેરાત કરી કે આ વખતે અયોધ્યામાં મોટા પાયે રામ જન્મોત્સવ ઉજવવામાં આવશે, અને જન જન એની સાથે જોડાય. જોકે આપણું ચિંતન પણ રોજ એજ કરે છે, અને તો જ તત્વતઃ રામ શું છે? એ સમજાશે, અને તો જ રામરાજ્યની આપણી વર્ષો જૂની ઈચ્છા પૂર્ણ થશે. હમણાં તો સમાજ રામ તત્વ વિશે જાણે તો જ રામરાજ્ય થશે. એ રીતે રામ એટલે જ ધર્મ!, રામ એટલે જ સત્ય!, રામ એટલે જ કાળ! અને રામ એટલે જ મૃત્યુ છે! એ તત્વતઃ ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થનાં વિચારને પ્રસ્તુત કરવા કોઈ વખત ચિંતનની ધારા વહેશે. રામરાજ્યનાં વેગમાન બનાવવા માટે સોની ટીવી શ્રીમદ રામાયણ સિરીયલ શરૂ કરી છે. જ્યારે પણ જોઈએ ત્યારે એવું લાગે કે સિરિયલમાં પાત્રોનાં મોઢે બોલાવાયેલા સંવાદો ખરેખર ઘણા ચિંતનીય છે, અને વચ્ચે વચ્ચે શાસ્ત્ર સંશોધનમાં પ્રાપ્ત થયેલ માહિતી પણ રસપ્રદ હોય છે. પરંતુ દેશ કાળ પ્રમાણે હોય કે પછી ત્રેતાકાળ કદાચ આજનાં આ સમય કરતાં મોર્ડન ભલે ન્હોય, પણ ઓછો દંભી હોય, એમ રામ સીતા તથા એ વખતના અન્ય ચરિત્રોનાં અંદરોઅંદરના વ્યવહારો પ્રસ્તુત થાય છે. ગઈકાલે હું શ્રીમદ્ રામાયણ એ સિરિયલ જોતી હતી, તો રામાયણના જ બે મુખ્ય પાત્ર અને એ પણ જેની આગળ સતી શબ્દ લગાડવામાં આવે છે, એ બંનેનાં મુખે બોલાવાયેલા એક એક મહત્વપૂર્ણ ડાયલોગ વિશે જરા જોઈએ.

રાવણ પોતાનાં શાસ્ત્રાર્થ કરવાના ભવનમાં સીતાજીને બોલાવે છે, અને ત્યાં એની પર નજર રાખવા માટે ઉપસ્થિત એવી ત્રીજટા તેમજ અન્ય એક રાક્ષસી સાથે રાવણ પાસે પહોંચે છે, અને રાવણ તેને પ્રેમથી પોતાનો સ્વીકાર કરી સદા માટે તેની બની જવા કહે છે, અને આ વાત શાસ્ત્ર સંમત કંઈ રીતે છે એ બતાવે છે. રાવણ કહે છે કે પૂરી વસુંધરામાં જે વીર છે, એની માટે એણે મેળવેલ દરેક ભોગ્ય વસ્તુ કે સાધન એને ભોગવવાનો અધિકાર છે. ત્યારે સીતા એને કહે છે કે પણ વીર કોને કહેવાય? શું જે છલ કરે એને વીર કહેવાય!; રાવણ તું વીર નથી, તે શ્રીરામ સાથે યુદ્ધ કરીને મને પ્રાપ્ત કરી નથી, પણ છલથી પ્રાપ્ત કરી છે, અને એનાં મોઢે એક બે શ્લોક બોલાવાયા છે, જે આપણી માટે નકામા છે કારણ કે આપણે વીર નથી! પણ વાત હવે મુદ્દાની આવે છે સીતા રાવણને બે ચાર શ્લોક સંભળાવી અને એના ભવન માંથી બહાર નીકળી જાય છે. રાક્ષસીઓ આશ્ચર્યચકિત થઈ જાય છે, કે સીતા કઈ રીતે જીવીત પાછી આવી. આગળ જતા વિભીષણ સીતાની માફી માંગે છે અને કહે છે કે હું મારા ભાઈ વતી માફી માંગુ છું, મેં વ્રત લીધું છે કે હું ધર્મ અને સત્યના પથ પર મારા ભાઈને દોરવા સતત એની સાથે રહીશ! ત્યારે સીતા વળતો જવાબ આપે છે કે, શું આ ધર્મ છે? કે પછી પોતાના ભાઈથી ભયભીત થઈને તેના અધર્મ અંગે આખ આડા કાન કરો છો. વિભિષણ કહે છે કે ના હું પૂર્ણપણે સત્યનિષ્ઠ છું, અને હું રાવણને નીતિઓ વિશે રોજ સૂચન કરું છું. સત્ય નું સ્થાન મારા હૃદયમાં છે. ત્યારે સીતા નાં મુખે બોલાયેલ જે વાક્ય છે એ અનુસરીણ છે.

સીતા વિભિસરણ ને કહે છે વિભિષણ સત્યનું સ્થાન હૃદયમાં નથી, સત્યનું સ્થાન આચરણમાં છે, સત્યનું સ્થાન નીતિમાં છે, અને સત્યનું સ્થાન માત્ર સ્પર્ધા પૂરતું નથી, કે જ્ઞાન પૂરતું નથી. એને આચરણમાં મૂકવાનું હોય છે એનો અમલ કરવાનો હોય છે અને એને વિચારમાં પ્રસ્થાપિત કરી જીવવાનું હોય છે! આપણે પણ અહીં જ ભૂલ કરી ગયા છીએ જે વસ્તુ જ્યાં રાખવાની છે એટલે કે સત્ય આચરણ અને નીતિમાં અને પ્રેમને હૃદયમાં રાખવાનો હોય!: એ બધું ઉલ્લાસ થઈ ગયું છે એટલે આપણી રામરાજ્યની પરિકલ્પના અધુરી છે.

બીજો ડાયલોગ મંદોદરીના મુખે બોલાયો છે, મંદોદરી પણ છ સતીમાંની એક સતી છે. સીતા રાવણને શાસ્ત્રાર્થ ભવનમાં શાસ્ત્ર સન્મુખ બે-ચાર વાત કહીને નીકળી જાય છે ત્યારે રાવણ અત્યંત કોપી થઈ જાય છે અને કહે છે કે જે જ્ઞાન મને સીતા સુધી લઈ જતું નથી એ તમામ જ્ઞાન મારી માટે વ્યર્થ છે અને રાવણ શાસ્ત્રાડ ભવન માં રખાયેલા તમામ શાસ્ત્રોને ખુદનાં હાથે જલાવી દે છે. આ વાતની જાણ જ્યારે મંદોદરીને થાય છે ત્યારે મંદોદરી અત્યંત ચિંતિત થઈ જાય છે, અને અને પોતાના પુત્ર મેઘનાદ ને બોલાવે છે. એને મેઘનાથ ને કંઈક કહેવું છે પણ એ વિચારે છે કે મેઘનાદ પિતૃ ભક્ત છે એટલે સીધેસીધું નહીં સમજે! મંદોદરી એ કક્ષમાં કેટલા બધા દીવાઓ પ્રગટાવે છે, અને મેઘનાદ આવે છે તે કહે છે કે માતા શ્રી આ દિપકની રોશની થી કક્ષ બહુ સુંદર લાગે છે. ત્યારે મંદોદરી કહે છે કે અગ્નિ ઘણું ઘણું જ લાવી શકે અગ્નિ તેજ હોય, અથવા તો જ્ઞાન આગળ મોહ આવી જાય તો જ્ઞાન પણ બળીને ભસ્મ થઈ જાય, અને તારા પિતાશ્રીએ આજે એવું જ કર્યું છે. એણે જ્ઞાન આપનારા તમામ શાસ્ત્રોને આજે સીતા નામના મોહ આગળ તુચ્છ લાગતાં ખુદનાં હાથે જલાવી દીધા છે. પણ તારા પિતાને હજી આ અગ્નિનો તપારો લાગતો નથી, એટલે તેને આ સત્ય સમજાતું નથી. આપણે જ્યારે દિપક પ્રગટાવીએ ત્યારે એની વાટને પ્રજ્વલિત કરતાં હોઈએ છીએ, પણ જ્યાં સુધી તેલ છે, ત્યાં સુધી વાટ સુરક્ષિત રહે છે, પણ જેવું તેલ પુરું થાય, ત્યારે એ અગ્નિ વાટને પણ બાળીને ભસ્મ કરી દે છે. જ્ઞાન ખુદ એક પ્રકાશ છે, અને તારા પિતાશ્રીએ એ જ્ઞાનને જલાવી દીધું છે, એટલે હવે અંધકારમાં એને સત્ય શું છે? અને અસત્ય શું છે? એનો ભેદ દેખાતો નથી પરંતુ હજી પણ મોડું થયું નથી!: તેલ પૂરું થાય એ પહેલાં જો આ અગ્નિને બુજાવી દેવામાં આવે તો, વાટ બચી જતી હોય છે, એ જ રીતે અજ્ઞાનના આંધારામાં એ વધુ કંઈ અસત્યનું આચરણ કરે, એ પહેલા તું એને રોકીને તારા પિતાને ,લંકાને, અને રાક્ષસકોને બચાવી શકે એમ છો! માટે મેં તને બોલાવ્યો છે. આ બે વાત કે વિચારને સમજીએ તો રામરાજ્ય કંઈ દૂર નથી! સત્ય એ આચરણમાં મુકવાની વાત કે વિચાર છે,

અને જે જ્ઞાન આપણો જીવનપંથ ઉજાળી રહ્યો છે, એ જ જ્ઞાન આપણે મોહ મમતા કે માયા વશ આપણાં હાથે જલાવી દઈએ છીએ, એટલે કે અણદેખ્યું કરીને જીવીએ છીએ, અને પછી તેલ પુરું ત્યારે બળવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો હોતો નથી. એટલે બને તેટલાં સત્યનિષ્ઠ બનીને જ્ઞાન પ્રાપ્ત કરી જીવનપંથ અજવાળતા જીવીને એ રામ તત્વ સુધી પહોંચી શકીએ. જય જય શ્રીરામ! જય હિન્દ. અથવા તો જ્ઞાન આગળ મોહ આવી જાય તો જ્ઞાન પણ બળીને ભસ્મ થઈ જાય, અને તારા પિતાશ્રીએ આજે એવું જ કર્યું છે. એણે જ્ઞાન આપનારા તમામ શાસ્ત્રોને આજે સીતા નામના મોહ આગળ તુચ્છ લાગતાં ખુદનાં હાથે જલાવી દીધા છે. પણ તારા પિતાને હજી આ અગ્નિનો તપારો લાગતો નથી , એટલે તેને આ સત્ય સમજાતું નથી. આપણે જ્યારે દિપક પ્રગટાવીએ ત્યારે એની વાટને પ્રજ્વલિત કરતાં હોઈએ છીએ, પણ જ્યાં સુધી તેલ છે, ત્યાં સુધી વાટ સુરક્ષિત રહે છે, પણ જેવું તેલ પુરું થાય, ત્યારે એ અગ્નિ વાટને પણ બાળીને ભસ્મ કરી દે છે. જ્ઞાન ખુદ એક પ્રકાશ છે, અને તારા પિતાશ્રીએ એ જ્ઞાનને જલાવી દીધું છે, એટલે હવે અંધકારમાં એને સત્ય શું છે? અને અસત્ય શું છે? એનો ભેદ દેખાતો નથી પરંતુ હજી પણ મોડું થયું નથી!: તેલ પૂરું થાય એ પહેલાં જો આ અગ્નિને બુજાવી દેવામાં આવે તો, વાટ બચી જતી હોય છે, એ જ રીતે અજ્ઞાનના આંધારામાં એ વધુ કંઈ અસત્યનું આચરણ કરે, એ પહેલા તું એને રોકીને તારા પિતાને ,લંકાને, અને રાક્ષસકોને બચાવી શકે એમ છો! માટે મેં તને બોલાવ્યો છે. આ બે વાત કે વિચારને સમજીએ તો રામરાજ્ય કંઈ દૂર નથી! સત્ય એ આચરણમાં મુકવાની વાત કે વિચાર છે, અને જે જ્ઞાન આપણો જીવનપંથ ઉજાળી રહ્યો છે, એ જ જ્ઞાન આપણે મોહ મમતા કે માયા વશ આપણાં હાથે જલાવી દઈએ છીએ, એટલે કે અણદેખ્યું કરીને જીવીએ છીએ, અને પછી તેલ પુરું ત્યારે બળવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો હોતો નથી. એટલે બને તેટલાં સત્યનિષ્ઠ બનીને જ્ઞાન પ્રાપ્ત કરી જીવનપંથ અજવાળતા જીવીને એ રામ તત્વ સુધી પહોંચી શકીએ.

## જ્ઞાની પરમહંસોનો માર્ગ સાધારણ ગૃહસ્થ માટે અઘરો છે. વૈષ્ણવોનો માર્ગ આપણા માટે સુલભ છે.

# જગતને મિથ્યા માનવાથી વૈરાગ્ય આવે છે. સંસારને સાચો માનવાથી મોહ થાય છે.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જ્ઞાની અને ભાગવત પરમહંસનું લક્ષ્ય તો એક જ છે; પણ સાધનો જુદાં જુદાં છે. જ્ઞાની પરમહંસ જગતને મિથ્યારૂપે જુએ છે. ભાગવત પરમહંસ જગતને વાસુ દેવ સ્વરૂપે જુએ છે.એ માને છે કે, આ જગત બધું વાસુદેવમય છે.**

ભગવાનની પૂજા મંદિરમાં થાય છે એવું નથી. ઈશ્વર તો સર્વવ્યાપક છે. એટલે પરમાત્માની પૂજા સર્વ ઠેકાણે થઈ શકે છે.કોઈપણજીવને સુખ-સંતોષ આપો એ પણ પૂજા છે,કારણ કે દરેક જીવ ઈશ્વર નો જ અંશ છે. જીવ અને ઈશ્વર જુદા નથી. સત્તાથી તો જીવ એ ઈશ્વરનું જ પ્રતિબિંબ છે. સૂર્ય એક હોવા છતાં જેમ પાણી નાં જુદાં જુદાં પાત્રોમાં સૂર્યનાં અનેક પ્રતિબિંબ દેખાય છે, તેમ ચેતન પરમાત્માનાં પણ અનેક જીવમાં પ્રતિબિંબ પડે છે.જીવ ઈશ્વરમાં જે ભેદ છે એ ડાંગર અને ચોખા જેવોછે.ડાંગર અનેચોખામાં જેમ કોઈ ફેર નથી, એમ જીવ અને ઈશ્વરમાં પણ કંઈ ફેર નથી પણ ભાત ચોખાનો થાય છે, ડાંગરનો નથી થતો. ડાંગર થોડો ખંડાવા રૂપે માર ખાય છે ત્યારે એ ચોખ્ખો બને છે.એમ જીવ પણ તપ અનેભક્તિ કરે ત્યારે એ પરમાત્મા બને છે.માટે સર્વ શરીર માં ચૈતન્યરૂપે ઈશ્વર જ રહેલો છે એમ માનીને સર્વને સુખ આપો એ પણ પૂજા છે.તમે કોઈને સુખ ન આપો તો કંઈ વાંધો નહીં, પણ કોઈને દુઃખ આપશો નહીં. પૂજા એ જ કરી શકશે જેનું હૃદય વિશાળ છે. જેની આંખમાં કામ અને પૈસો છેએ કઈ રીતે પરમાત્મા ની પૂજા કરી શકવાનો છે? મનને પાવન કરનારી ભરતજીની કથા હવે પાંચમા સ્કંધમાં કહેવાશે.

શ્રી શુકદેવજી ફરી ફરીને કહે છે કે, શ્રીમદ્ ભાગવતની કથા સાત દિવસમાં મુક્તિ આપનારી છે. વક્તા અધિકારી હોય અને શ્રોતા સાવધાન થઈ સાંભળે, તો ધીરે ધીરે સંસારના વિષયોમાં અરુચિ જાગે છે અને પરમાત્મા પ્રત્યે રુચિ જાગે છે. પરમાત્મા પ્રત્યે પ્રેમભાવ જાગે તો સાત દિવસમાં મુક્તિ મળે એવી આ કથા છે.ભાગવતની કથા સાંભળ્યા પછી મુક્તિ ન મળે તો માનવું કે, પૂર્વચિત્તિ અપ્સરા મારા મનમાં બેઠી છે.એ પૂર્વચિત્તિ એટલે શું?પૂર્વચિત્તિ એટલે પૂર્વજન્મમાં જે વિષયો ભોગવેલા તે ચિત્તમાં રહેલો છે. એ મનુષ્ય સુખદુઃખ ભોગવી પ્રારબ્ધનો નાશ કરે છે પણ નવું પ્રારબ્ધ ઊભું કરે છે. મનુષ્ય આ જન્મમાં બીજા જન્મ ની તૈયારી કરે છે.તેથી જ્ઞાનીઓ સંસર્ગદોષથી દૂર રહે છે.

જગતમાં જે કાંઈ દેખાય છે, તે બધું મિથ્યા છે.એ જ્ઞાની પરમહંસ ની નિષ્ઠા છે.જગતને મિથ્યા માનવાથી વૈરાગ્ય આવે છે. સંસારને સાચો માનવાથી મોહ થાય છે.જગતમાં જે દેખાય છે તે મિથ્યા છે પણ આ સર્વને જાણ નારો આત્મા સત્યરૂપ છે. જ્ઞાનીઓ દશ્ય વસ્તુમાં મનને જવા દેતા નથી, પણ આ સર્વના સાક્ષી પરમાત્મામાં દ્રષ્ટિ સ્થિર કરે છે. મનને સત્તા મળે છે. આત્મસ્વરૂપમાંથી મનને સ્વતંત્ર શક્તિ નથી. આત્મા એ મનનો દૃષ્ટા છે, સાક્ષી છે. ઋષભદેવ મનને દશ્યમાં જવા દેતા નથી અને મનને ઈશ્વરમાં સ્થિર કરે છે. મન ઈશ્વરમાં મળી જાય છે તેથી સુખ દુઃખ થતાં નથી. દશ્યમાંથી મન હટી જાય, પછી તે દૃષ્ટામાં મળી જાય છે. મનનો ઈશ્વરમાં લય થાય તો મુક્તિ મળે છે. જ્ઞાની પુરુષોને સંસાર બાધક થતો નથી, કારણ કે જ્ઞાની પુરુષો સ્વેચ્છાથી જીવતા નથી, તે અનિચ્છાથી પ્રારબ્ધથી જીવે છે.

ત્યારે ભાગવત પરમહંસો ભાગવત ઈચ્છા-પ્રારબ્ધથી જીવે છે.આ બંનેની નિષ્ઠા એક જ છે,પણ માર્ગ જુદો જુદો છે. જ્ઞાની જગતને અસત્ય માને છે. ભાગવતો જગતને સત્ય માને છે.

જ્ઞાની અને ભાગવત પરમહંસનું લક્ષ્ય તો એક જ છે; પણ સાધનો જુદાં જુદાં છે. જ્ઞાની પરમહંસ જગતને મિથ્યારૂપે જુએ છે. ભાગવત પરમહંસ જગતને વાસુ દેવ સ્વરૂપે જુએ છે.એ માને છે કે, આ જગત બધું વાસુદેવમય છે.

શંકર સ્વામીએ બ્રહ્મા સત્ય અને જગત મિથ્યા કહ્યું છે. શબ્દમાં થોડો ભેદ છે પણ તત્ત્વમાં ભેદ નથી. જ્ઞાનીઓના વિવર્તવાદ અને વૈષ્ણવોનો પરિણામવાદ છે.

જ્ઞાનીઓનો વિવર્તવાદ છે. એ કહે છે કે, દૂધનું દહીં થાય છે, દહીં એ દૂધ નથી.ભાગવતો કહે છેકે, જગતનું જે ઈશ્વરમાંથી પરિણામ થયું છે, તે દહીં જેવું નહીં,પરંતુ સોનાની લગડીનો દાગીનો બનાવ્યો હોય તેના જેવું છે. સોનાની લગડી હતી ત્યારે પણ સોનું અને તેનો દાગીનો બનાવ્યો હોય ત્યારે પણ સોનું. દાગીનાના સુવર્ણમાં અને સોનાની લગડીના સુવર્ણમાં કાંઈ ભેદ નથી.જગત એ બ્રહ્માનું પરિણામ છે, તેથી સત્ય છે.

શંકરાચાર્ય કહે છે, નામ રૂપ મિથ્યા છે. બાકી રહે તે સત્ય છે. એટલે કે માટી સત્ય કહેવાય, ઘડો સત્ય નહીં. તે પ્રમાણે જગત સત્ય નથી.

વૈષ્ણવ જગતને બ્રહ્મરૂપ માની જગતના પ્રત્યેક પદાર્થને બ્રહ્મરૂપે નિહાળે છે અને જગતના પ્રત્યેક પ્રેમ કરે છે.જ્ઞાની પુરુષો જગતને મિથ્યા માની જગતના પદાર્થો સાથે પ્રેમ કરતા નથી. તેઓ કેવળ ઈશ્વર સાથે પ્રેમ કરે છે વિકાર-વાચનાનો વિનાશ કરે છે. શરીર વિષ્ટા કે મળમાં આ ભાજી જઈ અમ માની દેહનો મોહ છોડી, જ્ઞાની પરમાત્મામાં લીન થાય છે, ત્યારે વૈષ્ણવો આખું જગત બ્રહ્મ રૂપ વસ્તુ માત્રને સીયારામ સમજી વંદન કરે છે.

જ્ઞાની પરમહંસોનો માર્ગ સાધારણ ગૃહસ્થ માટે અઘરો છે. વૈષ્ણવોનો માર્ગ આપણા માટે સુલભ છે. જગત બ્રહ્મરૂપ છેએ માનવું સહેલું છે, પણ જે દેખાય છે તેને મિથ્યા માનવું અથરું છે.વિષ્ટા-મૂત્રથી ભરેલું પૂતળું સમજી જ્ઞાની સ્ત્રીમાં થી મન હટાવશે.તે સ્ત્રીને તિરસ્કાર થી જોશે પણ વૈષ્ણવ સ્ત્રીનેલક્ષ્મી દેવી સમજશે,ને નિર્વિકાર થઈ તેને નમન કરશે.વૈષ્ણવ સ્ત્રીને સદભાવ થી જોશે. કોઈ વસ્તુમાં તિરસ્કાર રાખવા કરતાં તેનામાં ભાગવત ભાવ રાખી નિર્વિકારરૂપે વંદન કરવું સારું છે.મહાપ્રભુજી કહે છે કે, પ્રત્યેક પદાર્થ શ્રીકૃષ્ણનો અંશ છે, પરંતુ આ ખંડનમંડનની ભાંજગડ માં પડવાથી રાગદ્વેષ ઊભા થાય છે.

જ્ઞાની પરમહંસ જ્ઞાનથી ઉપદેશ આપે છે,જ્યારે ભાગવત પરમહંસ ક્રિયાથી ઉપદેશ આપે છે.તેની પ્રત્યેક ક્રિયા ઉપદેશ રૂપે હોય છે, જડભરતની જેમ.જ્ઞાની પરમહંસ નો આદર્શ ઋષભદેવજી બતાવે છે.ભાગવત પરમ હંસનો આદર્શ ભરતજી બતાવે છે.ઋષભદેવ પાગલ જેવા થઈ જગતમાં ભ્રમણ કરે છે.તે સર્વ સંગનો ત્યાગ કરશે. તેમને દેહાધ્યાસ જ નથી. ભરતજી સર્વમાં ઈશ્વરનો ભાવ રાખી સર્વની સેવા કરશે.ભરતજી કહેશે,હું સચરાચર નો સેવક છું.

પંચમ સ્કંધએ ભાગવતનું બ્રાહ્મણ એટલેકે ભાષ્ય,વ્યાખ્યા છે.

બીજા સ્કંધમાં ગુરુએ સાધન આપ્યું,તે પછી જ્ઞાન આપ્યું. જ્ઞાનને જીવનમાં કેવી રીતે ઉતારવું તે ત્રીજા અને ચોથા સ્કંધમાં સર્ગ- વિસર્ગ લીલામાં બતાવ્યું.

હવે પ્રશ્ન એ છે કે એ જ્ઞાનને સ્થિર કેમ કરવું?એ પાંચમા સ્કંધમાં સ્થિતિ લીલામાં બતાવ્યું છે. સ્થિતિ એટલે પ્રભુનો વિજય. સર્વ સચરાચર પ્રભુની મર્યાદામાં છે.

ઈચ્છા ન હતી.તેમ છતાં તેમણે લગ્ન કેમ કર્યું? ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં તેણે સિદ્ધિ કઈ રીતે પરીક્ષિત રાજા આરંભમાં પ્રશ્ન કરે છે, મનુ મહારાજના પુત્ર પ્રિયવ્રત રાજાને લગ્ન કરવાની પ્રાપ્ત કરી? કેવી રીતે એની શ્રીકૃષ્ણમાં દૃઢ ભક્તિ થઈ? ઘર એ ભક્તિમાં બાધક થાય છે. ગૃહસ્થ ઘરમાં શત્રુ, મિત્ર, ચોર શેઠ સર્વોમાં સંભાવના રાખી શકતો નથી. શ્રી કૃષ્ણનો ગૃહસ્થાશ્રમ એવો હતો કે સર્વમાં તેઓ સમભાવ રાખે છે શ્રીકૃષ્ણને આંગણે એક વખતે દુર્યોધન મદદ માગવા આવ્યો અગાઉ દુર્યોધને શ્રીકૃષ્ણનું અપમાન કર્યું છે છતાં નફફટ થઈ મદદ માંગવા આવ્યો છે.

સાધારણ મનુષ્યે કરેલું અપમાન ભૂલશે નહીં પણ આંગણે દુર્યોધન આવ્યો તો તેને મદદ આપવા શ્રીકૃષ્ણ તૈયાર થયા છે. અર્જુન પણ મદદ માગવા આવેલો. શ્રીકૃષ્ણ કહે, હું બંનેને મદદ કરીશ.એક પક્ષમાં મારી નારા યણી સેના અને એક પક્ષમાં હું અસ્ત્ર શસ્ત્ર વગર રહીશ. દુર્યોધને વિચાર્યું કે, આ તો વાતો કરશે. મને વાતો કરનારની જરૂર નથી. યુદ્ધ કરનારની જરૂર છે. માગ્યું કે મને નારાયણી સેનાની જરૂર છે. દુર્યોધને સેના માગી.અર્જુને શ્રીકૃષ્ણ માગ્યા.આ પ્રમાણે શ્રીકૃષ્ણ દુર્યોધન અને અર્જુનમાં સમભાવ રાખે છે. તેથી શ્રીકૃષ્ણ ગૃહસ્થાશ્રમી નથી,આદર્શ સંન્યાસી છે.

ઘરમાં ભક્તિ થતી નથી.અનેક પ્રકારના વિક્ષેપ, ઉપાધિ આવે છે. ગૃહસ્થાશ્રમમાં ભક્તિમાં વિઘ્ન આવે છે, તેથી પ્રિયવ્રત રાજાએ વિચાર્યું કે,મારે આ વ્યવહાર છોડી દેવો છે.પરમાર્થમાં અભેદ બુદ્ધિ અને વ્યવહારમાં ભેદબુદ્ધિ રાખવી પડેછે.ભેદભાવથી બધા દોષ આવે છે. ભેદભાવ હોય તો કામ, ક્રોધ, રાગ દ્વેષ વિકારો આવે છે. જ્ઞાની પુરુષો સર્વને અભેદભાવથી જુએ છે. વ્યવહાર અને પરમાર્થને એક કરવો કઠણ છે.ભેદભાવથી વ્યવહારમાં વિષમતા અને વેર ઉત્પન્ન થાય છે,તેથી જ્ઞાનીઓ સર્વ પ્રવૃત્તિ છોડીને એકાંતમાં ભક્તિ કરે છે.

વાચક ચાહક મિત્રો આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી રહ્યા છીએ ત્યારે આવતીકાલે ફાગણ માસનો અંતિમ દિવસ અમાસ અને સોમવાર આઠમી એપ્રિલ છે. સોમવતી અમાસે સૂર્ય ગ્રહણ છે પણ આપણા દેશમાં દેખાવાનું નથી. પરંતુ સોમવતી અમાસ હોવાથી ધાર્મિક મહત્ત્વ ખૂબ છે સાથોસાથ મંગળવારથી ચૈત્રી નવરાત્રી શરૂ થશે શકિત પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવીએ.

## ધર્મેન્દ્રને શબાનાએ કિસ કરી તો તબુએ માર્યો ટોણો

# ધર્મેન્દ્ર સાથેના તેના કિસિંગ સીનથી સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ભારે હલચલ મચી ગઈ હતી



કરણ જોહરની રોકી ઔર રાની કી પ્રેમ કહાનીમાં ધર્મેન્દ્ર અને શબાના આઝમીના ચુંબન દ્રશ્યે જુલાઈ ૨૦૨૩માં ફિલ્મ રિલીઝ થયા પછી ધ્યાન ખેંચ્યું હતું. હવે, ZOOM સાથેના એક ઈન્ટરવ્યુમાં, શબાનાએ કિસિંગ સીન અને અભિનેત્રી તબુએ તેને કેવી રીતે ચીડવ્યા હતા તે વિશે વાત કરી છે. તમને જણાવી દઈએ કે તબ્બુ શબાનાની ભત્રીજી છે અને તેણે તેની ખૂબ મજાક ઉડાવી હતી. શબાનાએ કહ્યું હતું કે તબુ કહે છે કે રોકી અને રાનીની લવસ્ટોરીમાં ધર્મેન્દ્ર સાથેના તેના કિસિંગ સીનથી સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ભારે હલચલ મચી ગઈ હતી. બંને વચ્ચે એક એવો સીન હતો જેણે બધાને ચોંકાવી દીધા હતા અને રિલીઝ થયા બાદ તે મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બની ગયો હતો. ફિલ્મમાં જયા બચ્ચન ધર્મેન્દ્રની પત્ની તરીકે જોવા મળે છે અને તે રોકીના દાદા-દાદીની ભૂમિકામાં છે. શબાના અને અભિનેતા તોતા રોય ચૌધરી અને ચુન્ની ગાંગુલી આલિયાના પરિવાર તરીકે જોવા મળે છે. શબાના આઝમી અને ધર્મેન્દ્ર રોકી અને રાનીની પ્રેમકથામાં ખોવાયેલા પ્રેમીઓની ભૂમિકા ભજવે છે, જેઓ તેમના પૌત્રો-આલિયા ભટ્ટની રાની ચેટર્જી અને રણવીર સિંહની રોકી રંધાવા વચ્ચે સંબંધનાં કારણે વર્ષો પછી એકબીજાનો પ્રેમ પણ મેળવે છે. શબાના આઝમીને પણ આ રોલ માટે એવોર્ડ મળ્યો છે. હવે શબાનાએ ઝૂમ પર આ સીન વિશે ખુલીને વાત કરી. શબાના આઝમીએ કહ્યું, 'તબ્બુ, જે મારી ભત્રીજી છે, તે શેતાન છે. તેણી કહે છે કે તમે ઈન્ડસ્ટ્રીને હલાવી દીધી છે. ફિલ્મમાં જયા બચ્ચન ધર્મેન્દ્રની પત્ની તરીકે જોવા મળે છે હવે તમારી ઉંમરની બધી છોકરીઓ કહે છે કે ફિલ્મમાં KISS હશે તો કરીશું. અને મેં ઈન્ડસ્ટ્રીમાં ભારે હલચલ મચાવી છે. ઝૂમ સાથેના એક ઈન્ટરવ્યુમાં ગયા વર્ષે ચુંબન વિશે વાત કરતી વખતે, શબાના આઝમીએ કહ્યું હતું, 'મેં ક્યારેય વિચાર્યું ન હતું કે તે આટલો હોબાળો મચાવશે! જ્યારે આપણે ચુંબન કરીએ છીએ, ત્યારે લોકો હસે છે અને ઉત્સાહિત થાય છે. શૂટિંગ દરમિયાન આ ક્યારેય કોઈ સમસ્યા ન હતી. એ વાત સાચી છે કે મેં આ પહેલા સ્ક્રીન પર વધુ કિસ કરી નથી. પરંતુ ધર્મેન્દ્ર જેવા સુંદર માણસને કોણ ચુંબન કરવા ન ઈચ્છે? શબાનાએ પતિ-ગીતકાર જાવેદ અખ્તરની ધર્મેન્દ્ર સાથેની ઓનસ્ક્રીન કિસ અંગેની પ્રતિક્રિયા પણ શેર કરી હતી. તેણે કહ્યું, 'ઓહ, તે નારાજ નહોતો.' પણ જે વાત તેને પરેશાન કરતી હતી તે મારું બેફામ વર્તન હતું. હું આખી ફિલ્મ દરમિયાન તાળીઓ પાડી રહી હતી. સીટી વગાડતી રહી. ઉત્સાહ સાથે ને બૂમો પાડતી રહી હતી. તે કહેતો હતો કે 'મારી બાજુમાં બેઠેલી આ મહિલાને હું ઓળખતો નથી.' કારણ કે હું ખૂબ જ ઉત્સાહિત હતી.

## અનુષ્કાની સંપત્તિ ૨૫૦-૩૦૦ કરોડ રૂપિયાની વચ્ચે

# વિરાટ કોહલી કમાણીના મામલે અનુષ્કા કરતા ઘણો આગળ છે

### આ સિવાય વિરાટ કોહલી ઘણી મોટી કંપનીઓના બ્રાન્ડ એમ્બેસેડર પણ છે, જેના કારણે તે ઘણી કમાણી કરે છે

વિરાટ કોહલીની કમાણીની વાત કરીએ તો તેનું નામ વિશ્વના સૌથી અમીર ક્રિકેટરોની યાદીમાં સામેલ છે. ફાઈનાન્શિયલ એક્સપ્રેસના જણાવ્યા અનુસાર, ક્રિકેટરની કુલ સંપત્તિ ૧૦૫૦ કરોડ રૂપિયા છે. તેને BCCI તરફથી વાર્ષિક ૭ કરોડ રૂપિયા મળે છે. આ સિવાય વિરાટ ઘણી મોટી કંપનીઓના બ્રાન્ડ એમ્બેસેડર પણ છે, જેના કારણે તે ઘણી કમાણી કરે છે. DNA અનુસાર, કોહલી એક એડ માટે ૭.૫ કરોડથી ૧૦ કરોડ રૂપિયા લે છે. આટલું જ નહીં, વિરાટ તેની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા ઘણી બધી કમાણી કરે છે. ડીએનએના અહેવાલ મુજબ, વિરાટ તેની એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ માટે લગભગ ૮.૯ કરોડ રૂપિયા ચાર્જ કરે છે. તમને જણાવી દઈએ કે કોહલીનું નામ ઈન્સ્ટાગ્રામ પર સૌથી ફેમસ સેલિબ્રિટીની યાદીમાં સામેલ છે. વિરાટને પણ મોંઘી કારનો શોખ છે. તેની પાસે ઓડી Q7, Audi RS5, Audi R8 LM, Audi A8L જેવી ઘણી મોંઘી કારોનું કલેક્શન છે, જેની કિંમત કરોડોમાં છે. આ સિવાય કોહલી મુંબઈમાં 'વન૮ કમ્યૂન' નામની રેસ્ટોરન્ટ પણ ચલાવે છે. અનુષ્કા શર્માની વાત કરીએ તો ડીએનએના રિપોર્ટ અનુસાર તેની કુલ સંપત્તિ ૨૫૦-૩૦૦ કરોડ રૂપિયાની વચ્ચે છે. અભિનેત્રીની વાર્ષિક કમાણી ૪૫ કરોડ રૂપિયાથી વધુ છે. અનુષ્કા એક ફિલ્મ માટે ૭ કરોડ રૂપિયા સુધી ફી લે છે. ફિલ્મો ઉપરાંત અનુષ્કા બ્રાન્ડ એન્ડોર્સમેન્ટમાંથી પણ સારી એવી કમાણી કરે છે. તે એક એડ માટે ૫-૧૦ કરોડ રૂપિયા ચાર્જ કરે છે. આ રિપોર્ટ અનુસાર, વિરાટ કોહલી કમાણીના મામલે પત્ની અનુષ્કા શર્મા કરતા ઘણો આગળ છે.



## અભિષેક બચ્ચને 'ગુરુ' બનીને સુપરસ્ટારનો દરજ્જો મેળવ્યો હતો

# અભિનેતાએ ૨૩ ફિલ્મો આપી, જેમાંથી ૧૬ ફિલ્મો બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ફ્લોપ રહી હતી

### અભિષેક બચ્ચનના જન્મદિવસ પર, ભાણી નવ્યાએ પણ તેના માટે એક પ્રેમથી ભરેલી પોસ્ટ શેર કરી હતી

અભિષેક બચ્ચન આજે પોતાનો ૪૮મો જન્મદિવસ ઉજવી રહ્યો છે. બી-ટાઉનના શાનદાર સ્ટાર્સમાંના એક તરીકે જાણીતા, બચ્ચને તાજેતરના વર્ષોમાં પોતાની જાતને બહુમુખી અભિનેતા તરીકે સ્થાપિત કરી છે. તેમની તાજેતરની ફિલ્મો જેમ કે દાસવી અને ઘૂમરએ તેમને વિવેચકોની પ્રશંસા મેળવી છે. અભિષેકની બહેન શ્વેતા નંદાએ પણ તેના ભાઈ માટે એક પોસ્ટ શેર કરી છે. શ્વેતાએ પોતાના ભાઈ અભિષેક સાથે બાળપણની તસવીર શેર કરતા લખ્યું - આ ફક્ત તમે જ જાણો છો અને હું આ જાણું છું. મારા નાના ભાઈ માટે આ એક મોટો દિવસ છે - આશા છે કે તમે ગીતનો આનંદ માણો. લવ યુ. અભિષેક બચ્ચનના જન્મદિવસ પર,ભાણી નવ્યા નવેલીએ પણ તેના માટે એક પ્રેમથી ભરેલી પોસ્ટ શેર કરી છે. શેર કરેલી જૂની તસવીરમાં નવ્યા અને તેનો ભાઈ અગસ્ત્ય નંદા મામા અભિષેક સાથે જોવા મળે છે. તસવીર શેર કરતા નવ્યાએ લખ્યું-બધાના ફેવરિટ વ્યક્તિને જન્મદિવસની શુભેચ્છા હેપ્પી. પરંતુ ખાસ કરીને મારા. તેની અભિનય પ્રતિભા ઉપરાંત, અભિષેક બચ્ચન ઘણીવાર એક સંપૂર્ણ પરિવારના માણસ હોવા માટે હેડલાઈન્સ મેળવે છે. જેમ જેમ આપણે તેનો જન્મદિવસ ઉજવીએ છીએ, ચાલો તેના કેટલાક શ્રેષ્ઠ કૌટુંબિક ફોટા જોઈએ જે અભિનેતાના તેના નજીકના લોકો માટેના ઊંડા પ્રેમને પ્રતિબિંબિત કરે છે. ૨૦૧૩નો એક થ્રોબેક ઈન્ટરવ્યુ ફરી આવ્યો કારણ કે આ દિવસે અભિષેક બચ્ચન એક વર્ષ મોટો થઈ રહ્યો છે, જે તેના કામ પ્રત્યે અભિનેતાના નિર્ણાયક વલણને છતી કરે છે. વર્ષો પહેલા, સમાચાર એજન્સી પીટીઆઈ સાથેની નિખાલસ વાતચીતમાં, બચ્ચને પોતાની જાતની ટીકા વ્યક્ત કરતા કહ્યું, "હું મારા તમામ પ્રદર્શનને ધિક્કારું છું અને આશા રાખું છું કે હું તેમને પસંદ કરવાનું શરૂ નહીં કરું. હું માનું છું કે જે દિવસે તમે તમારું કામ પસંદ કરવાનું શરૂ કરો છો તે દિવસ છે. તમે આત્મસંતુષ્ટ બનો." અભિષેક બચ્ચનની પ્રથમ ફિલ્મથી જ ઓડિયન્સને આશા હતી કે તે તેના પિતાની જેમ એકટિંગમાં સારો હશે, પરંતુ દર્શકો નિરાશ થયા અને તેની પ્રથમ ફિલ્મ 'રેફ્યુજી' બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી. જ્યારે પણ કોઈ સ્ટાર કિડ બોલિવૂડમાં ડેબ્યુ કરે છે, ત્યારે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે તેના માતા પિતાની જેમ જ કામ કરશે. ઓડિયન્સ ભૂલી જાય છે કે સ્ટાર સમય સાથે જ પરિપક્વ થાય છે. અહીં આજે બોલિવૂડના આવા જ એક સ્ટાર કિડ અભિષેક બચ્ચન વિશે કરી રહ્યા છીએ, જેમણે એક પછી એક ૧૫ ફ્લોપ ફિલ્મો આપી, પરંતુ એક્ટરે હાર માની નહીં.અમિતાભ બચ્ચન બોલિવૂડમાં મેગાસ્ટાર





તરીકે જાણીતા છે. આવી સ્થિતિમાં જ્યારે તેમના પુત્ર અભિષેક બચ્ચને બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું ત્યારે તેમની સીધી સરખામણી અમિતાભ બચ્ચન સાથે કરવામાં આવી હતી. અભિષેકની પ્રથમ ફિલ્મથી જ દર્શકોને અપેક્ષા હતી કે તે તેના પિતાની જેમ એકટિંગમાં સારો હશે, પરંતુ દર્શકો નિરાશ થયા અને તેની પ્રથમ ફિલ્મ 'રેફ્યુજી' બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી. અભિષેક બચ્ચને વર્ષ ૨૦૦૦માં ફિલ્મ 'રેફ્યુજી'થી પોતાની કરિયરની શરૂઆત કરી હતી. તેની પહેલી જ ફિલ્મ સુપર ફ્લોપ રહી હતી. આ પછી, તેણે આગામી ચાર વર્ષ સુધી માત્ર ફ્લોપ ફિલ્મો જ આપી હતી. આ ફિલ્મોની યાદીમાં 'તેરા જાદુ ચલ ગયા', 'ઢાઈ અક્ષર પ્રેમ કે', 'બસ ઈતના સા ખ્વાબ હૈ' જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. મીડિયાના જણાવ્યા અનુસાર, અભિષેકે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'મારી એક ફિલ્મ જોયા બાદ એક મહિલા સિનેમા હોલમાંથી બહાર આવી અને મને થપ્પડ મારીને કહ્યું કે તમારે એક્ટિંગ છોડી દેવી જોઈએ. તમે તમારા પિતાનું નામ બગાડો છો.અભિષેક બચ્ચને (Abhishek Bachchan) 'ગુરુ' બનીને સુપરસ્ટારનો દરજ્જો મેળવ્યો હતો અને પોતાની ફ્લોપ ફિલ્મોથી ક્યારેય ડર્યો નહોતો. તેણે સતત કામ કરવાનું ચાલુ રાખ્યું કર્યું અને પછી તેની ફિલ્મો હિટ થવા લાગી હતી.

## આ ગીતને લઈને ફેન્સ સુપર એક્સાઈટેડ છે

# મહાદેવ બનીને અક્ષય કુમારે ગાયુ શંભુ ગીત



અક્ષય કુમાર આ દિવસોમાં એની અપકમિંગ ફિલ્મ બડે મિયાં છોટે મિયાંને લઈને ખૂબ ચર્ચામાં છે. એક્ટર સોશિયલ મિડીયામાં સુપર એક્ટિવ છે. હંમેશા ફેન્સને પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફને લઈને શેર કરતા રહેતા હોય છે. આ બધાની વચ્ચે અક્ષય કુમારનો એક નવો મ્યૂઝિક વિડીયો સામે આવ્યો છે જે ભગવાન શિવ બેસ્ડ છે. એક્ટર અક્ષય કુમારે શિવ અવતારની સાથે સોન્ગ શંભુનું મોશન પોસ્ટર શેર કરતા પહેલો લુક શેર કર્યો છે. જો કે આ લુકમાં તમે અક્ષયને ઓળખવામાં થાપ ખાઈ જશો એવો છે. આ લુકમાં અક્ષય કુમાર છવાઈ ગયો છે. આ વખતે અક્ષય કુમાર કોઈ રોમેન્ટિક નહીં, પરંતુ ભક્તિ ભરેલા ગીતમાં નજરે પડવાનો છે. અભિનેતાએ સોશિયલ મિડીયામાં એના અપકમિંગ મ્યુઝિક વિડીયો શંભુનું ટિઝર રિલીઝ કર્યુ છે. અક્ષય કુમારના શંભુ મ્યુઝિક વિડીયોના મોશન પોસ્ટરને બહુ પસંદ કર્યો છે. સોશિયલ મિડીયા પર લોકોએ અક્ષયનો શિવ અવતાર લોકોને ખૂબ પસંદ પડી રહ્યો છે. ફિલ્મ ઓએમજી ૨ પછી ફરી એક વાર ભગવાન શિવના રૂપમાં અક્ષય કુમારની સાથે નજરે પડવાના છે. અક્ષય કુમારનો મહાદેવ લુક અને શંભુનું મોશન પોસ્ટર સોશિયલ મિડીયામાં ધૂમ મચાવી રહ્યો છે. આ ટિઝરમાં એક્ટરનો વિકરાળ તો ક્યારેક ખુશમિજાજ શંભુ અવતારમાં જોવા મળી રહ્યો છે. અક્ષય એના આ લુકથી ફેન્સનું દિલ જીતી રહ્યા છે. લોકોને એમનો આ મ્યૂઝિક વિડીયો રિલીઝ ક્યારે થશે એની લોકો રાહ જોઈ રહ્યા છે. આ વખતે મહાશિવરાત્રિ ૨૦૨૪માં આ ગીત ધૂમ મચાવનાર છે. આ ગીત ૫ ફેબ્રુઆર ૨૦૨૪ના રોજ રિલીઝ થશે. વર્કફ્રન્ટની વાત કરવામાં આવે તો અક્ષય બડે મિયાં છોટે મિયાંની રિલીઝની તૈયારી કરી રહ્યા છે. અક્ષયની પાસે પાઈપલાઈનમાં સ્કાઈ ફોર્સ, સિંઘમ અગેન, વેલકમ ટૂ ધ જંગલ, હેરા ફેરી ૩નો સમાવેશ થાય છે. આમ વાત કરવામાં આવે તો અક્ષય કુમારનો આ વિડીયો ફેન્સને ખૂબ પસંદ પડી રહ્યો છે. અક્ષય કુમાર પોતાની એક્ટિંગથી હંમેશા સામે વાળા લોકોનું દિલ જીતી લે છે. આ ગીતને લઈને ફેન્સ સુપર એક્સાઈટેડ છે. અક્ષય કુમાર તેમની શાનદાર એક્ટિંગ માટે ફેમસ છે. ફેન્સને અક્ષય કુમારનો કોમેડી, એક્શન, ઈમોશનલ તમામ અંદાજ પસંદ આવે છે. અક્ષય કુમાર ફિલ્મો ઉપરાંત મ્યુઝિક વિડીયો માટે પણ હંમેશા ચર્ચામાં રહે છે. અક્ષય કુમારે હવે સિંગિંગ શરૂ કર્યું છે. ખેલાડીએ તેમનો મ્યુઝિક વિડીયો 'શંભુ' રિલીઝ કર્યો છે. આ વિડીયોમાં અક્ષય કુમાર મહાદેવના અવતારમાં જોવા મળી રહ્યા છે. અક્ષય હંમેશા તેમના ફેન્સને પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફને લઈને અપડેટ આપતા રહે છે.

## એક સુપરસ્ટારની એક સુપરફ્લોપ બહેન

# શિલ્પા શેટ્ટીની બહેન શમિતા શેટ્ટીએ પહેલી હિટ બાદ બધી ફિલ્મોમાં ધબડકો વાળ્યો

બોલિવૂડમાં એવા ઘણા સ્ટાર્સ છે જેમણે પોતાની ડેબ્યૂ ફિલ્મથી જ સફળતાનો સ્વાદ ચાખ્યો, જ્યારે ઘણાને સફળતા મેળવવામાં વર્ષો લાગ્યા. પરંતુ, સ્ટ્રગલ પછી તેને મળેલી સફળતા પણ વર્ષો સુધી કાયમ રહી. બીજી તરફ, જેમને તેમની પહેલી ફિલ્મમાં સફળતા મળી હતી તેઓ પાછળથી દર્શકોની અપેક્ષાઓ પર ખરા ઉતરી શક્યા ન હતા અને ધીમે ધીમે મોટા પડદા પરથી ગાયબ થઈ ગયા હતા. આજે અમે તમને એવી જ એક હસીના વિશે જણાવીશું, જેણે પોતાની ડેબ્યૂ ફિલ્મથી જ સફળતાનો સ્વાદ ચાખ્યો, પરંતુ તેની સુપરહિટ ડેબ્યૂ ફિલ્મ પછી તે એક પણ હિટ ન આપી શકી. અમે વાત કરી રહ્યા છીએ બોલિવૂડની શરારા ગર્લ અને શિલ્પા શેટ્ટીની બહેન શમિતા શેટ્ટીની. શમિતા શેટ્ટીએ પોતાના કરિયરની શરૂઆત શાહરૂખ ખાન, ઐશ્વર્યા રાય અને અમિતાભ બચ્ચન સ્ટારર 'મોહબ્બતેં'થી કરી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ રહી હતી. આ ફિલ્મને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી અને ક્રિટિક્સ તરફથી પણ પોઝિટિવ રિસ્પોન્સ મળ્યો હતો. પરંતુ, આ પછી શમિતાને કોઈ હિટ ફિલ્મ ન મળી. જેના કારણે તે ધીરે ધીરે મોટા પડદા પરથી ગાયબ થવા લાગી. પરંતુ, આજે પણ તે તેના આઈટમ સોંગ દ્વારા દર્શકોની વચ્ચે ટકેલી છે. છેલ્લી વખત શમિતા બિગ બોસમાં જોવા મળી હતી. અહીં રાકેશ બાપટ સાથેની તેની નિકટતાની ખૂબ ચર્ચા થઈ હતી. પરંતુ, બાદમાં કપલ અલગ થઈ ગયું હતું. શિલ્પા શેટ્ટીની નાની બહેન હોવાને કારણે દર્શકોને શમિતા પાસેથી ઘણી અપેક્ષાઓ હતી અને શમિતા પોતે પણ મોટી હિરોઈન બનવાનું સપનું જોતી હતી. પરંતુ, તે તેની મોટી બહેનની જેમ સફળતા મેળવી શકી નહીં. આવી સ્થિતિમાં શમિતાએ બિઝનેસ તરફ કદમ માંડ્યા. શમિતા ગોલ્ડન લીફ નામની ઈન્ટિરિયર ડિઝાઈનિંગ કંપનીની માલિક છે અને એક વર્ષમાં કરોડો રૂપિયા કમાય છે. આ સાથે શમિતા ઈન્સ્ટાગ્રામ અને બ્રાન્ડ એન્ડોર્સમેન્ટથી પણ સારી કમાણી કરે છે. બિગ બોસ ૧૫ પછી, શમિતા ફિયર ફેક્ટર ખતરોં કે ખિલાડી, ઝલક દિખલા જા અને પછી કેટલાક ઓટીટી શોમાં જોવા મળી હતી. 'ક્યા હુઆ બ્રો' અને 'બ્લેક વિડો'માં શમિતાની એક્ટિંગની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી, પરંતુ આ પછી પણ તેને વધારે કામ ન મળી શક્યું. શમિતા ભલે બોલિવૂડની ક્વિન ન બની શકી હોય, પરંતુ ફિટનેસની બાબતમાં તે ૪૫ વર્ષની ઉંમરમાં પણ અન્ય હસીનાઓને ટક્કર આપે છે.



# મંદિરે દર્શન કરવા જતા બે મિત્રોના થયા મોત, ગોંડલમાં બાઈક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો




। ગોંડલ, તા.૬ ।

ગોંડલમાં એક અકસ્માતમાં બે મિત્રોનો મોત થયા. બંને મિત્રો વહેલી સવારે બાઈક પર નવાગઢના કમઢીયા ખાતે મામાદેવના મંદિરે દર્શન કરવા જતા હતા. દરમ્યાન તેમની બાઈક એક કાર સાથે અથડાઈ. બાઈક અને કારની ટક્કર થતા ગમખ્વાર અકસ્માત સર્જાયો. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને મિત્રોના ઘટનાસ્થળે જ મોત નિપજયા. યુવાનોના મોત થયાનું જાણ થતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો. નવાગઢના ગામના રહેવાસી બે યુવાનો ગોંડલના કમઢીયા ગામ પાસેના મામદેવના મંદિર દર્શન કરવા જતા હતા. બે યુવાનો જીગરજાન મિત્રો હતા. બંને જીગરજાન મિત્રો બાઈક પર મંદિરે દર્શન કરવા જતા હતા. દરમ્યાન માર્ગ પર તેમની બાઈકનો કાર સાથે અકસ્માત થયો. અકસ્માત એટલો જોરદાર હતો કે બંને યુવકોના ઘટનાસ્થળ પર જ મોત નિપજ્યા હતા. બાઈકને ટક્કર મારનાર કારચાલક અકસ્માત બાદ ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા ૧૦૮ એમ્બ્યુલન્સ સ્થળ પર પહોચી હતી. એમ્બ્યુલન્સ સ્ટાફ દ્વારા યુવકોની પ્રાથમિક તપાસ કરી ઉપચાર આપવાનો પ્રયાસ કરાયો હતો. પરંતુ અકસ્માતમાં યુવકોને ગંભીર ઈજા થઈ હોવાથી સારવાર મળે તે પહેલા જ બંને યુવકો મોતને ભેટ્યા. અકસ્માતમાં મૃત્યુ પામનાર બંને યુવાનોની ઓળખ કરવામાં આવી છે. એક યુવકનું નામ હરિભાઈ મકવાણા છે અને તેમની ઉંમર ૧૭ વર્ષ છે. જ્યારે અન્ય યુવાનનું નામ પ્રકાશ ભવાનભાઈ મેણીયા છે અને તેમની ઉંમર ૨૦ વર્ષ છે. નવજુવાન દિકરાઓના મોતથી પરિવારમાં માતમ છવાયો છે. બંને યુવાનોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસ આ ઘટનામાં ફરાર કાર ચાલકની શોધખોળ કરી રહી છે.

# કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સેન્ટ્રલ આર્મ ફોર્સની ૨૨૫ કંપનીઓ ફાળવવામાં આવી

। ગાંધીનગર, તા.૬ ।

લોકસભાની ચૂંટણીને લઈને તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેના ભાગ રૂપે, લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સેન્ટ્રલ આર્મ ફોર્સની ૨૨૫ કંપનીઓ ફાળવવામાં આવી છે. જણાવી દઈએ કે, ૨૦૧૯ ની ચૂંટણીમાં સેન્ટ્રલ આર્મ ફોર્સની ૧૭૩ કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. આમ, આ વખતે ૫૨ જેટલી લશ્કરી દળોની કંપનીઓ વધુ ફાળવવામાં આવી છે. અત્યાર સુધીમાં ૨૦ જેટલી કંપનીઓ ગુજરાત રાજ્યમાં ગોઠવાઈ ચૂકી છે. જેમાં ઝઈ-હ્લની ૫ તથા મ્જીહ્લની ૧૦ કંપનીઓ સામેલ છે. રાજ્યના ચાર મોટા શહેરો અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરમાં આ ટીમ યુહાત્મક લોકેશન પર મૂકી દેવામાં આવી છે. આ ઉપરાંત, અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા, કચ્છ, વલસાડ, દાહોદ એમ છ જિલ્લામાં ફોકસ કરવામાં આવ્યું છે. આગામી લોકસભાની સામાન્ય અને વિધાનસભાની પેટા ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ કરવા માટે ચૂંટણી પંચ દ્વારા કેટલીક મહત્વની સુરક્ષા વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આંતરરાષ્ટ્રીય બોર્ડર ચેકપોસ્ટ તેમજ અતિ સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ અર્ધલશ્કરી દળોની કંપની તેના કરવામાં આવે છે. પ્રત્યેક કંપનીમાં ૭૨ જેટલા કર્મચારીઓ હોય છે, એટલે પ્રથમ તબક્કે ૧,૪૪૦ જેટલા જવાનો સલામતી બંદોબસ્તમાં ગોઠવાઈ ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણીમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની ૧૭૩ કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી.

# સગી દીકરીને અશ્લીલ વીડિયો બતાવી પિતાએ ૬ મહિના સુધી પીંખી



। (પ્રતિનિધી) મહેસાણા, તા.૬ ।

દિકરી વહાલનો દરિયો. પિતાએ દિકરી માટે હિરો હોય છે. જે પોતાની પણ ખુશી બાજુ માં મૂકીને દિકરીની ખુશી વિશે વિચારે છે. દિકરી માટે એના પિતા જ મુખ્ય સ્થાને હોય છે. કારણ કે પિતાએ સૌ પ્રથમ પોતાનું ધ્યાન રાખવાનું ભૂલીને પણ દિકરીનું ધ્યાન રાખે છે. પરંતુ મહેસાણા વિસ્તારની બનેલી એક ઘટના સાંભળીને તમને એમ થશે કે આવા પિતાને તો જીવવાનો અધિકાર પણ નથી. આ નરાધમ પિતાએ વ્હાલનો દરિયો સગીર દીકરી પર વ્હાલ વરસાવવાને બદલે પોતાની હવસનો શિકાર બનાવી દીધી. આ નરાધમ પિતાએ સગીર દીકરી પર છ-છ માસ સુધી દુષ્કર્મ ગુજારતો રહ્યો.આ નરાધમ પિતાનું નામ છે હર્ષદગીરી ભરતગીરી બાવા. કે જે એક પુત્ર અને બે દીકરીનો પિતા છે. પોતે ડ્રાઈવર છે અને તેની પત્ની પણ ખાનગી નોકરી કરે છે. પિતા હર્ષદગીરી પોતાની ૧૫ વર્ષની સગીર દીકરીને અવારનવાર હાથ પકડીને પોતાના જ ઘરમાં ઉપરના રૂમમાં લઈ જતો હતો. અને મોબાઈલમાં અશ્લીલ વિડિયો બતાવી સગી દીકરી પર દુષ્કર્મ આચારતો હતો. એક દિવસ નાની દીકરી જોઈ ગઈ કે તેના પિતા મોટી બહેનને હાથ પકડીને ઉપરના રૂમમાં લઈ જાય છે અને એ દરમિયાન તેને નીચેના રૂમમાં બંધ કરી દીધી.

સમગ્ર ઘટના તેની માતા આવતા આવતા નાની દીકરીએ માતાને હકીકત જણાવી. જે જાણતા જ સગીરાની પૂછપરછ માં સમગ્ર હકીકત બહાર આવી. ચોધાર આંસુએ રડતી ૧૫ વર્ષીય સગીરાએ જણાવ્યું કે તેનો જ પિતા તેને અશ્લીલ વિડિયો બતાવી દુષ્કર્મ આચરતો હતો અને ધમકી આપતો કે કોઈને કહીશ તો તારી માતા અને નાના ભાઈને મારી નાખીશ. આમ ધમકી આપી છ મહિનાથી અવારનવાર આ નરાધન પિતા પોતાની જ દીકરીને પીખતો હતો. પિતા અને પુત્રીનો સંબંધ એક નિર્મળ સાગર જેવો હોય છે, દીકરીઓ પિતાની લાડકી હોય છે. એટલે જ જ્યારે આપની લાડકીને કોઈ વસ્તુની કે રમકડાની કે નવા કપડાની કે નવી સાઈકલની જરૂર હોય ત્યારે પપ્પાને કહે છે અને પપ્પા તેની ફરમાયશ પુરી કરે છેપ! પરંતુ આ ઘટનામાં તો પિતા પોતાની હવસની ફરમાઈશ પૂરી કરવા સગી દીકરીને પણ ના છોડી અને દીકરી પર જ પાશવી બળાત્કાર ગુજારતો રહ્યો. પત્નિ હોવા છતાં તેની હવસ નહોતી સંતોષાતી!? પત્નિ નોકરી જાય એટલે દીકરીને હવસનો શિકાર બનાવવી? આ કયા પિતાને શોભે તેવું કૃત્ય છે? ભોગ બનનાર દીકરી નહિ પણ દુનિયાની કોઈ પણ દીકરી આવા પિતા જે કદાપિ માફ નહિ કરે.

આ ઘટના સાંભળનાર દરેક દીકરી એમ ઈચ્છશે કે આવા પિતા મળવા કરતા જન્મ ના લેવો સારો. પરંતુ પાપ હંમેશા છાપરે ચડી પોકારે છે તેમ આ નરાધમ પિતા નું પાપ તેની નાની દીકરી એ પોકાર્યું અને માતા ને સમગ્ર ઘટના જણાવી દેતા નાની દીકરીના સાહસે મોટી બહેનની જીંદગી બચાવી લીધી. અને માતા એ પોતાના જ પતી વિરૂદ્ધ દીકરી પર દુષ્કર્મ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે નરાધમ પિતા હર્ષદગીરી ભરતગીરી બાવા ને જેલ હવાલે કરી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પરંતુ પાપ હંમેશા છાપરે ચડી પોકારે છે તેમ આ નરાધમ પિતા નું પાપ તેની નાની દીકરી એ પોકાર્યું અને માતા ને સમગ્ર ઘટના જણાવી દેતા નાની દીકરીના સાહસે મોટી બહેનની જીંદગી બચાવી લીધી. અને માતા એ પોતાના જ પતી વિરૂદ્ધ દીકરી પર દુષ્કર્મ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે નરાધમ પિતા હર્ષદગીરી ભરતગીરી બાવા ને જેલ હવાલે કરી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મેડિકલ ટેપની આડમાં દાણચોરી, અમદાવાદમાં સોનાની દાણચોરી કરતા શખ્સો ઝડપાયા




। અમદાવાદ, તા.૬ ।

અમદાવાદમાં સોનાની દાણચોરી કરતા શખ્સોની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે પાંચ શખ્સોને ઝડપી લઈને પુછપરછ શરૂ કરી છે. આરોપીઓ પાસેથી પોલીસે ૪૮.૮૮ લાખ રિયાનું સોનું કબજે કરવામાં આવ્યું છે.

અમદાવાદ પોલીસે માહિતીને આધારે આ શખ્સોની ધરપકડ કરી હતી. પોલીસે જે આરોપીઓની ધરપકડ કરી છે તેમાં અનંત શાહ, કલ્યાણ પટેલ, આશિષ કુકડીયા, નવઘણ ઠાકોર અને નિલેષ દેસાઈનો સમાવેશ થાય છે.

પાંચ આરોપીઓ પૈકી આશિષ કુકડીયા સોનું લાવ્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આરોપીઓની તપાસમાં તેઓ મેડિકલ ટેપની આડમાં સોનાની દાણચોરી કરતા હોવાની ચોંકાવનારી માહિતી બહાર આવી છે. જેને પગલે આ દાણચોરીના કેસમાં અન્ય લોકો પણ સંડોવાયેલા હોવાની શંકાને આધારે પોલીસ ઝીણવટભરી તપાસ ચલાવી રહી છે.

આરોપીઓ પાસેથી પોલીસે હાલ રૂ. ૪૮,૮૮,૦૦૦ ની કિંમતનું ૮૦૦ ગ્રામ સોનુ કબજે કર્યું છે.

# ૧૦ અને ૧૧ એપ્રિલ પ્રિ મોન્સુન એકટીવીટીના પગલે અમુક વિસ્તારમાં સામાન્યની આગાહી



। અમદાવાદ, તા.૬ ।

રાજ્યમાં છેલ્લા થોડા દિવસથી તાપમાનનો પારો એકથી બે ડિગ્રી ગગડતાં ગરમીથી રાહત મળી છે. જો કે આગામી પાંચ દિવસ તાપમાનમાં વધારો થઈ શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં તાપમાનનો પારો ઉંચે જતાં અમદાવાદ, રાજકોટ સહિતના શહેરમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર જઈ શકે છે. ૧૦ એપ્રિલ બાદ રાજ્યમાં વાતાવરણમાં પલટો આવવાના સંકેત છે. હવામાન વિભાગના અનુમાન મુજબ૧૦ અને ૧૧ એપ્રિલ પ્રિ મોન્સુન એકટીવીટી ના પગલે અમુક વિસ્તારમાં સામાન્ય વરસાદ પડી શકે છે. ૧૦ એપ્રિલ દાહોદ, છોટઉદેપુર, નર્મદામાં વરસાદ પડી શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે રાજ્યમાં ફરી એકવાર વરસાદ પડી શકે છે. ૧૧ એપ્રિલે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ મહીસાગર, નર્મદા અને છોટા ઉદેપુરમાં હળવો વરસાદ થઈ શકે છે.

કમોસમી વરસાદના કારણે કેરી સહિતના બાગાયતી પાક અને ઘઉં, જીરૂ સહિતના ઉનાળું પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ત્રણ દિવસ બાદ રાજ્યમાં કાળઝાળ ગરમીનો અનુભવ થશે. ત્રણ દિવસ બાદ તાપમાનમાં ત્રણથી ૪ ડિગ્રીનો વધારો થતાં અમદાવાદ, રાજકોટ, સુરેન્દ્રનગરમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર જઈ શકે છે. પૂર્વ અને ઉત્તર-પૂર્વના કેટલાક ભાગો, ઉત્તર-પશ્ચિમના કેટલાક ભાગો સિવાય મોટાભાગના વિસ્તારોમાં વધુ ગરમી પડશે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન સામાન્ય તાપમાનથી વધુ રહેવાનો અનુમાન છે.

છેલ્લા સપ્તાહથી તાપમાનનો પારો નીચે જતાં કાળઝાળ ગરમીમાંથી થોડી રાહત મળી છે.ગુરૂવારે રાજ્યના ૧૨ શહેરોમાં તાપમાન ૩૬ ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયુ હતુ. જો કે હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં હવામાન સુકુ રહેશે, ૩ દિવસ બાદ તાપમાનમાં વધારો થતાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર જઈ શકે છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, કચ્છમાં તાપમાનમાં બે-ત્રણ ડિગ્રીનો વધારો જોવા મળી શકે છે. છેલ્લા સપ્તાહથી તાપમાનનો પારો નીચે જતાં કાળઝાળ ગરમીમાંથી થોડી રાહત મળી છે.ગુરૂવારે રાજ્યના ૧૨ શહેરોમાં તાપમાન ૩૬ ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયુ હતુ. જો કે હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં હવામાન સુકુ રહેશે, ૩ દિવસ બાદ તાપમાનમાં વધારો થતાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર જઈ શકે છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, કચ્છમાં તાપમાનમાં બે-ત્રણ ડિગ્રીનો વધારો જોવા મળી શકે છે.

# અદાણી ટોટલ ગેસ લિમિટેડ દ્વારા પીએનજીના ભાવમાં ઘટાડો કરવાની માંગ, અમદાવાદમાં કેમિકલ એકમોએ પીએનજીનો ઉપયોગ બંધ કર્યો




। અમદાવાદ, તા.૬ ।

અદાણી ટોટલ ગેસ લિમિટેડ દ્વારા પીએનજીના ભાવમાં ઘટાડો કરવાની માગણી સાથે, શહેરમાં લગભગ ૩૭૦ એકમોએ ૧૦ એપ્રિલથી ત્રણ દિવસ માટે પાઈપ્ડ નેચરલ ગેસનો ઉપયોગ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આમાંના મોટાભાગના એકમો રાસાયણિક ઉત્પાદન સાથે સંકળાયેલા છે. ગુજરાત ડાયસ્ટફસ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (GDMA) એ જણાવ્યું હતું કે તેઓ આ સમયગાળા દરમિયાન વૈકલ્પિક ઈંધણ પર સ્વિચ કરશે.

કેટલાક કેમિકલ એસોસિએશને અગાઉ અદાણી ટોટલ ગેસ લિમિટેડને PNGના ભાવ ઘટાડવા વિનંતી કરી હતી. લગભગ પખવાડિયા પહેલા, જીડીએમએ ઔદ્યોગિક ગેસનો ઉપયોગ કરતા રસાયણો અને અન્ય ઉદ્યોગ એકમોની બેઠક બોલાવી હતી. તેમાં વટવા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, નરોડા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, નરોડા એન્વાયરો પ્રોજેક્ટ્સ લિમિટેડ, ગ્રીન એન્વાયર્નમેન્ટ સર્વિસિસ કો-ઓપ સોસાયટી લિમિટેડ અને નોવેલના સભ્યોએ હાજરી આપી હતી. તેઓએ કંપની સાથે આ મુદ્દે ચર્ચા કરવા માટે એક સમિતિની રચના કરી.

એક નિવેદનમાં, GDMA પ્રકાશિત કરે છે, ''ઘણા રાસાયણિક અને અન્ય એકમો એન્વાયર્નમેન્ટ ફ્રેન્ડલી હોવાના કારણે ઔદ્યોગિક ગેસ પર આધાર રાખે છે. આંતરરાષ્ટ્રીય ગેસના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવા છતાં, અદાણી ટોટલ ગેસ લિમિટેડે તેના દરોમાં ફેરફાર કર્યો નથી. જ્યારે અમદાવાદમાં લાંબા ગાળાના વપરાશકર્તાઓ પ્રતિ MMBtu રૂ. ૧,૭૨૫ ચૂકવવાનું ચાલુ રાખે છે, ત્યારે કંપની વૈકલ્પિક ઈંધણનો ઉપયોગ કરનારાઓને રૂ. ૧,૧૯૦ પ્રતિ MMBtu ઓફર કરે છે. એકસમાન ભાવની માંગ કરતા અમે અદાણી ટોટલ ગેસ સાથે બે અઠવાડિયા સુધી વાટાઘાટો કરી છે, પરંતુ મુદ્દાઓ ઉકેલાયા નથી. લગભગ ૩૭૦ એકમો ૧૦ એપ્રિલથી ત્રણ દિવસ સુધી PNG નો ઉપયોગ કરવાનું બંધ કરશે. જો મામલો વણઉકેલાયેલો રહેશે, તો અમે વૈકલ્પિક ઈંધણ તરફ વળીશું.''

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો? તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આજે તમે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ સંભાળી લેશો આ માટે તમારી ઈચ્છાશક્તિને વળતર અપાશે. લાગણીશીલ નિર્ણય લેતી વખતે તમારે તમારા મગજ પરનો કાબૂ ગુમાવવો નહીં. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. તમારા ઘરનું દશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. આજે તમારો પ્રેમી તમારી ભાવનાઓ ને તમારી સામે ખુલ્લો રાખી શકશે નહીં.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. તમે રૉમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો. આજે તમે તમારા મગજને કસોટીની એરણ પર મુકશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો. આજે કોઈની છેડતી કરશો નહીં.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સ્વાસ્થ્યને દરકારની જરૂર પડશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમે પ્રથમ નજરે જ પ્રેમમાં પડો એવી શક્યતા છે. તમારા સાથી ને ફક્ત તમારી પાસે થી થોડો સમય જોઈએ છે પરંતુ તમે તેમને સમય આપવા માટે અસમર્થ છો.

### રોગને કારણે મૃત્યુની સંખ્યામાં ૮૫ ટકા વધારો થવાની શક્યતા

# વિશ્વમાં પ્રોસ્ટેટ કેન્સરના કેસ ૨૦૨૦થી ૨૦૪૦ દરમિયાન બમણાં થશે: લેન્સેટ

### અભ્યાસમાં જણાવ્યા અનુસાર વિશ્વમાં લોકોની વધતી વય અને સરેરાશ આયુષ્યમાં વૃદ્ધિને કારણે વૃદ્ધ પુરુષોમાં પ્રોસ્ટેટ કેન્સર વધશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।



વિશ્વભરમાં પ્રોસ્ટેટ કેન્સરના કેસ ૨૦૨૦થી ૨૦૪૦ના ગાળામાં બમણા થવાની આશંકા છે. 'ધ લેન્સેટ કમિશન'એ જણાવ્યું હતું કે, સૂચિત ગાળામાં આ રોગથી થનારા મૃત્યુની સંખ્યામાં ૮૫ ટકા ઉછાળો નોંધાશે. જેની સૌથી વધુ અસર નીચી અને મધ્યમ આવક ધરાવતા દેશો પર થવાની શક્યતા છે. રિસર્ચર્સના જણાવ્યા અનુસાર કેસોમાં ઉછાળો નિશ્ચિત છે. નિદાન નહીં થવાથી તેમજ ડેટા કલેક્શનના અભાવે પ્રોસ્ટેટ કેન્સરના કેસની વાસ્તવિક સંખ્યા ઘણી ઊંચી રહેવાની શક્યતા છે. અભ્યાસમાં જણાવ્યા અનુસાર વિશ્વમાં લોકોની વધતી વય અને સરેરાશ આયુષ્યમાં વૃદ્ધિને કારણે વૃદ્ધ પુરુષોમાં પ્રોસ્ટેટ કેન્સર વધશે. રોગ માટે ૫૦ કે એથી વધુ વય રિસ્ક ફેક્ટર હોવાથી જીવનશૈલીમાં ફેરફાર કે જાહેર આરોગ્યમાં સુધારો પ્રોસ્ટેટ કેન્સરના કેસોમાં ઉછાળાને અટકાવી નહીં શકે. લેન્સેટ કમિશનના મુખ્ય રિસર્ચર નિક જેમ્સે જણાવ્યું હતું કે, "વિશ્વભરમાં આધેડ અને વૃદ્ધ પુરુષોની સંખ્યા વધી રહી છે ત્યારે પ્રોસ્ટેટ કેન્સરના કેસમાં વધારો નિશ્ચિત છે. આપણે અત્યારથી આ વાત જાણીએ છીએ અને એટલે આગોતરા પગલાં જરૂરી છે." નિક જેમ્સ લંડનના ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ કેન્સર રિસર્ચમાં પ્રોસ્ટેટ અને બ્લેડર કેન્સર રિસર્ચના પ્રોફેસર છે. કમિશને લોકોને પ્રોસ્ટેટ કેન્સર અંગે શિક્ષિત અને જાગૃત કરવા સાથે તેના વહેલા નિદાન પર ભાર મૂક્યો હતો. જેથી આગામી વર્ષોમાં લોકોનું જીવન બચાવી શકાય. જેમ્સે જણાવ્યું હતું કે, "આગામી સમયમાં પ્રોસ્ટેટ કેન્સરના કેસની વૃદ્ધિમાં નીચી અને મધ્યમ આવક ધરાવતા દેશોનો મોટો હિસ્સો હશે." રિસર્ચર્સના જણાવ્યા અનુસાર પુરુષો અને તેમના પરિવારોમાં હાડકાંના દુખાવા જેવા મેટાસ્ટેટિક પ્રોસ્ટેટ કેન્સરના લક્ષણો અંગે નહીવત્ જાગૃતિ હોવાથી તેનું વહેલું નિદાન થઈ શકતું નથી. મુંબઈના આશીર્વાદ ઈન્સ્ટિટ્યુટ ફોર પેઈન મેનેજમેન્ટ એન્ડ રિસર્ચના ડિરેક્ટર ડો. લક્ષ્મી વસે જણાવ્યું હતું કે, "પ્રોસ્ટેટ કેન્સરમાં કરોડરજ્જુનો દુખાવો મુખ્ય લક્ષણોમાંનું એક છે. અન્ય દુખાવો પેશાબ કરતી વખતે થતો હોય છે." ઓછા લોકો જાણે છે કે પ્રોસ્ટેટ કેન્સરના દદી સારવાર દ્વારા લાંબુ જીવન જીવી શકે છે. આવા દદીઓ માટે હોર્મોન થેરાપી અસરકારક છે અને વાજબી દરે ઉપલબ્ધ છે. ઓછા લોકો જાણે છે કે પ્રોસ્ટેટ કેન્સરના દદી સારવાર દ્વારા લાંબુ જીવન જીવી શકે છે. આવા દદીઓ માટે હોર્મોન થેરાપી અસરકારક છે અને વાજબી દરે ઉપલબ્ધ છે.

## જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો





NHL મ્યુનિસિપલ મેડિકલ કોલેજ અને AMC મેટ નર્સિંગ કોલેજના ફર્સ્ટ ટાઈમ વોટર બનનારા યુવાનોએ લીધા અચૂક મતદાનના શપથ, અમદાવાદ શહેરની NHL મ્યુનિસિપલ મેડિકલ કોલેજ અને AMC મેટ નર્સિંગ કોલેજ ખાતે જિલ્લા ચૂંટણી તંત્રના માર્ગદર્શનમાં આગામી લોકસભા ચૂંટણી સંદર્ભે સ્વીપ એક્ટિવિટી અંતર્ગત યુવા મતદારોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા અને અચૂક મતદાનના શપથ લેવડાવવા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ અંતર્ગત યુવાનોને મતદાન પર્વના મહત્ત્વ વિશે જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર યુવાનોને પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટણી અને મતદાન જેવી બાબતોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. વધુમાં યુવાનોને ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલ તમામ વ્યવસ્થાઓ, હેલ્પલાઈન નંબર, સક્ષમ એપ્લિકેશન વિશે પણ માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ફર્સ્ટ ટાઈમ વોટર બનનારા સૌ યુવાનોએ લોકશાહીના પર્વ નિમિત્તે અચૂક મતદાનના શપથ લીધા હતા. આ પ્રસંગે NHL મ્યુનિ. મેડિકલ કોલેજના સાયકોલોજી વિભાગના પ્રોફેસર ડો.અનિતા વર્મા, ડો. હર્ષદેવ ગઢવી તથા નર્સિંગ કોલેજના ડો.અર્ચના તનુજીયા, સ્વીપ નોડલ ઓફિસર શ્રી યોગેશ પારેખ સહિત મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેર તથા જિલ્લામાં મહત્તમ યુવાનો મતદાન કરે તે દિશામાં જિલ્લા ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે આ કાર્યક્રમમાં ઉપસ્થિત ફર્સ્ટ ટાઈમ વોટર બનનારા સૌ યુવાનોએ લોકશાહીના પર્વ નિમિત્તે અચૂક મતદાનના શપથ લીધા હતા. આ પ્રસંગે NHL મ્યુનિ. મેડિકલ કોલેજના સાયકોલોજી વિભાગના પ્રોફેસર ડો.અનિતા વર્મા, ડો. હર્ષદેવ ગઢવી તથા નર્સિંગ કોલેજના ડો.અર્ચના તનુજીયા, સ્વીપ નોડલ ઓફિસર શ્રી યોગેશ પારેખ સહિત મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેર તથા જિલ્લામાં મહત્તમ યુવાનો મતદાન કરે તે દિશામાં જિલ્લા ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે...

## ૨૨ વર્ષ પહેલા એક ભારતીય સહિત બેની હત્યા કરાઈ હતી

## અમેરિકામાં ભારતીયની હત્યા કરનારને ઈન્જેક્શન આપી મોતની સજા

**અભ્યાસમાં જણાવ્યા અનુસાર વિશ્વમાં લોકોની વધતી વય અને સરેરાશ આયુષ્યમાં વૃદ્ધિને કારણે વૃદ્ધ પુરુષોમાં પ્રોસ્ટેટ કેન્સર વધશે**



। (એજન્સી) ઓક્લાહોમા, તા.૬ ।

અમેરિકાના ઓક્લાહોમા રાજ્યમાં વર્ષ ૨૦૦૨માં એક ભારતીય સહિત બે લોકોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ હત્યાઓના દોષિતને ગુરુવારે મોતની સજા ફટકારવામાં આવી છે. અમેરિકાના મીડિયા અહેવાલ મુજબ દોષિત માઈકલ ડ્વેન સ્મિથ(૪૧ વર્ષ)ને ઓક્લાહોમાની જેલમાં ઈન્જેક્શન આપીને મોત સજા આપવામાં આવી છે. સ્મિતે વર્ષ ૨૦૦૨માં ભારતીય નાગરિક શરદ પુલ્લુર અને જેનેટ મુરની હત્યા કરી હતી. સ્મિથે આ બંને હત્યાઓ અલગ-અલગ સમયે કરી હતી. કોર્ટે આરોપીને દોષિત ઠેરવીને મોતની સજા સંભળાવી હતી. ઓક્લાહોમાના એટોની જનરલ જેન્ટર ડ્રમન્ડે સ્મિથને સજાના પછી અમને આશા છે કે આજના દિવસે મૂર અને શરદના પરિવાર માટે કેટલીક હદે શાંતિ મળી હશે. ઓક્લાહોમા રાજ્યમાં આ વર્ષની પ્રથમ મોતની સજા છે. એટોની જનરલ જેન્ટર ડ્રમન્ડે વધુમાં કહ્યું કે, બંને પીડિત સારા માનવી હતા અને તેમની સાથે આવું થવું જોઈએ નહીં. શરદ પોતાના પરિવારનો પ્રથમ વ્યક્તિ હતો, જે શિક્ષણ પ્રાપ્ત કરવા અમેરિકા આવ્યો હતો. તેનું ભવિષ્ય ઉજ્જવળ હતું. બંને પીડિતો સાથે હવે ન્યાય થયો છે. બંને પીડિતોના પરિવારોએ પણ દોષિતને મોતી સજા મળ્યા પછી સંતોષ જાહેર કર્યો અને કહ્યું કે હવે અમારી સાથે ન્યાય થયો છે. સ્મિતે વર્ષ ૨૦૦૨માં ભારતીય નાગરિક શરદ પુલ્લુર અને જેનેટ મુરની હત્યા કરી હતી. સ્મિથે આ બંને હત્યાઓ અલગ-અલગ સમયે કરી હતી. કોર્ટે આરોપીને દોષિત ઠેરવીને મોતની સજા સંભળાવી હતી. ઓક્લાહોમાના એટોની જનરલ જેન્ટર ડ્રમન્ડે સ્મિથને સજાના પછી અમને આશા છે કે આજના દિવસે મૂર અને શરદના પરિવાર માટે કેટલીક હદે શાંતિ મળી હશે. ઓક્લાહોમા રાજ્યમાં આ વર્ષની પ્રથમ મોતની સજા છે. એટોની જનરલ જેન્ટર ડ્રમન્ડે વધુમાં કહ્યું કે, બંને પીડિત સારા માનવી હતા અને તેમની સાથે આવું થવું જોઈએ નહીં. શરદ પોતાના પરિવારનો પ્રથમ વ્યક્તિ હતો, જે શિક્ષણ પ્રાપ્ત કરવા અમેરિકા આવ્યો હતો. તેનું ભવિષ્ય ઉજ્જવળ હતું. બંને પીડિતો સાથે હવે ન્યાય થયો છે. બંને પીડિતોના પરિવારોએ પણ દોષિતને મોતી સજા મળ્યા પછી સંતોષ જાહેર કર્યો અને કહ્યું કે હવે અમારી સાથે ન્યાય થયો છે.

### આર.એચ. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વાડજ ખાતે પ્રથમ વખત મતદાન કરનારા યુવા મતદારોનો માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો




। (માહિતી) અમદાવાદ, તા.૬ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત ચાલી રહેલા મતદાર જાગૃતિ અભિયાન અન્વયે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ શહેર તેમજ ૪૫ નારણપુરા વિધાનસભા મતવિસ્તારના EROં(ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઓફિસર)શ્રીના માર્ગદર્શન હેઠળ આર.એચ. પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવા વાડજ, અમદાવાદ ખાતે પ્રથમવાર મતદાન કરનાર અંદાજિત ૧૦૭ યુવા મતદારોને સ્વીપ પ્રવૃત્તિના મદદનીશ નોડલ ઓફિસર, વાડજના સ્વીપ નોડલ ઓફિસરશ્રી તેમજ આર.એચ. કૉલેજના આચાર્ય દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં હતું તેમજ યુવા મતદારોને અચૂક મતદાનના શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા હતા. માર્ગદર્શન હેઠળ આર.એચ. પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવા વાડજ, અમદાવાદ ખાતે પ્રથમવાર મતદાન કરનાર અંદાજિત ૧૦૭ યુવા મતદારોને સ્વીપ પ્રવૃત્તિના મદદનીશ નોડલ ઓફિસર, વાડજના સ્વીપ નોડલ ઓફિસરશ્રી તેમજ આર.એચ. કૉલેજના આચાર્ય દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં હતું તેમજ યુવા મતદારોને અચૂક મતદાનના શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા હતા.

### ગુજરાત અને મહારાષ્ટ્રમાં થયેલા અકસ્માતમાં માર્યા ગયેલાઓને મોરારીબાપુની શ્રધ્ધાંજલિ



ગુજરાત અને મહારાષ્ટ્રમાં થયેલા અકસ્માતમાં માર્યા ગયેલાઓને મોરારીબાપુની શ્રધ્ધાંજલિ અને પરિવારજનોને સહાય ગત દિવસોમાં ગુજરાતમાં અને મહારાષ્ટ્રમાં વિવિધ સ્થળોએ માર્ગ અકસ્માત સર્જાયા હતા અને તેમાં અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

સૌરાષ્ટ્રમાં સિહોર તાલુકામાં બોઈલર ફાટવાને લીધે અને નદીમાં ડૂબી જતાં થયેલા અકસ્માતમાં ત્રણ લોકો માર્યા ગયા હતા. પૂજ્ય મોરારીબાપુ વતી સ્થાનિક પત્રકાર શ્રી મુકેશભાઈ પંડિત દ્વારા રુપિયા ૪૫,૦૦૦ ની સહાયતા રાશિ પહોંચાડવામાં આવશે. તે ઉપરાંત મોરબી પાસે ખારચિયા ગામમાં એક ફેકટરીમાં બોઈલર ફાટવાને લીધે બે વ્યક્તિઓ નાં મોત નિપજયા છે. મોરબીના લજાઈ ગામનાં રામકથાના શ્રોતાઓ દ્વારા બંને માર્યા ગયા છે તેમના પરિવારજનોને રુપિયા ૩૦,૦૦૦ની રાશિ પહોંચાડવામાં આવશે. સાવરકુંડલા તાલુકાના લુવારા ખાતે સિંહણ દ્વારા એક કિશોરને ફાડી ખાવાની ઘટના બની છે ત્યારે તે કિશોરના પરિવારજનોને પંદર હજાર રૂપિયાની સહાયતા અર્પણ કરવામાં આવશે. એ પ્રમાણે મળતી માહિતી અનુસાર મહારાષ્ટ્રમાં સંભાજીનગરમાં કાપડની દુકાનમાં આગ લાગી હતી અને તેમાં એક પરિવારના ૭ લોકોનાં મોત નિપજયા છે. રામકથાના શ્રોતાઓ દ્વારા આ મૃતકોના પરિવારજનોને ૧,૦૫,૦૦૦ રાશિ પહોંચાડવામાં આવશે. આમ કુલ મળીને રુપિયા ૧,૯૫,૦૦૦ ની સહાય મોકલવામાં આવી રહી છે. વિવિધ ઘટનાઓમાં માર્યા ગયેલાઓને મોરારિબાપુએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે.

**ખાસ લેખ** — અમદાવાદ જિલ્લામાં આવેલા ૨૧ વિધાનસભા મત વિભાગમાં સમાવિષ્ટ કુલ- ૫૪૫૮ મતદાન મથકો માટે EVM અને વીવીપેટનું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન થયું

# અમદાવાદ જિલ્લામાં માન્ય રાજકીય પક્ષોની ઉપસ્થિતિમાં ઈવીએમનું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન કરાયું

। (માહિતી) અમદાવાદ, તા.૬ ।

ગુજરાતમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે આગામી તા. ૭ મે-૨૦૨૪ ના રોજ મતદાન યોજાનાર છે ત્યારે આ ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનાર EVM અને વીવીપેટનું અમદાવાદ કલેક્ટર કચેરીમાં કમ્પ્યૂરાઈઝ્ડ પદ્ધતિથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી. કે. તથા માન્યતાપ્રાપ્ત રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના રાજકીય પક્ષોની ઉપસ્થિતિમાં ફર્સ્ટ રેન્ડમાઈઝેશન કરવામાં આવ્યું હતું. આગામી સોમવારે સવારે-૯.૦૦ વાગ્યાથી મોટેરા ખાતે આવેલ વેર હાઉસ ખાતેથી વિધાનસભા મતવિસ્તાર પ્રમાણે EVM અને વીવીપેટની ફાળવણી શરૂ કરાશે અને આ પ્રક્રિયા આગામી ત્રણથી ચાર દિવસ સુધી ચાલશે.

અમદાવાદ જિલ્લામાં લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી. કે.ના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ વ્યાપક તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આજે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં અમદાવાદ જિલ્લામાં ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનાર ૬૮૧૪ BU, ૬૮૧૪ CU અને ૭૩૫૭ VVPAT ઈ.વી.એમ.(ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન)ની પારદર્શક પદ્ધતિથી રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં પ્રથમ રેન્ડમાઈઝેશન કરવામાં આવ્યું હતું. અમદાવાદ જિલ્લામાં આવેલા ૨૧ વિધાનસભા મત વિભાગમાં સમાવિષ્ટ કુલ- ૫૪૫૮ મતદાન મથકો માટે ઈ.વી.એમ. અને વીવીપેટનું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન કરવામાં આવ્યું હતું. રેન્ડમાઈઝેશન બાદ રેન્ડમાઈઝ્ડ EVMની યાદી માન્યતાપ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને પૂરી પાડવામાં આવશે. રેન્ડમાઈઝેશન કરાયેલા EVM તમામ વિધાનસભા મતવિભાગના મદદનીશ ચૂંટણી અધિકારીઓને સુપ્રત કરવામાં આવશે. જ્યાં સંબંધિત મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા માન્યતાપ્રાપ્ત રાજકીય પક્ષોની હાજરીમાં EVMનો વિધાનસભા મતવિભાગના સ્ટ્રોંગરૂમમાં નિયત પ્રોટોકોલ મુજબ સંગ્રહ કરવામાં આવશે.





ચૂંટણી તંત્ર દ્વારા માન્યતાપ્રાપ્ત તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં (EMS) સોફ્ટવેરની મદદથી રેન્ડમાઈઝેશન પ્રક્રિયા હાથ ધરાઈ હતી. હવે વિધાનસભા બેઠક કક્ષાએ દ્વિતીય રેન્ડમાઈઝેશન કરવામાં આવશે. તમામ વિધાનસભા બેઠકોમાં તેમને ફાળવવામાં આવેલા મતદાન યંત્રો- વીવીપેટના સુરક્ષિત સંગ્રહ માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તથા સી.સી. ટી.વી કેમેરા સાથે સ્ટ્રોન્ગ રૂમ્સ ઊભા કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઈ.વી.એમ.માં બેલેટ યુનિટ અને કન્ટ્રોલ યુનિટ એમ બે એકમોનો સમાવેશ થાય છે. ફર્સ્ટ રેન્ડમાઈઝેશન દરમિયાન ચૂંટણી પંચ દ્વારા નિયત ધારાધોરણો પ્રમાણે પ્રત્યેક વિધાનસભા ક્ષેત્રના કુલ મતદાન મથકોની સંખ્યાના ૧૨૫ ટકા લેખે BU- બેલેટ યુનિટ, ૧૨૫ ટકા લેખે ઝેં- કન્ટ્રોલ યુનિટ અને ૧૩૫ ટકા વીવીપેટ તકેદારીના રૂપમાં ફાળવણી થશે. ૫૪૫૮ મતદાન મથકો માટે ઉપરોક્ત ધારાધોરણ પ્રમાણે બેલેટ યુનિટ્સ- કન્ટ્રોલ યુનિટ્સ અને વીવીપેટની ફાળવણી કરાશે. ફર્સ્ટ રેન્ડમાઈઝેશન બાદ સશસ્ત્ર પોલીસ સુરક્ષા હેઠળ સોમવારથી જિલ્લાના સંબધિત એ.આર.ઓ.ને ઈ.વી.એમ.ની સોંપણી કરવામાં આવશે. મતદાનની તારીખ પૂર્વે દરેક વિધાનસભા બેઠકને ફાળવવામાં આવેલા કુલ ઈ.વી.એમ અને વીવીપેટનું ફરીથી સેકન્ડ રેન્ડમાઈઝેશન કરાશે અને તેના આધારે ક્યા નંબરનું યંત્ર ક્યા મતદાન મથકે જશે, તે નિર્ધારિત કરાશે.'આ પ્રસંગે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના ચૂંટણી અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કર અને સુશ્રી નેહા ગુપ્તા સહિત તમામ મદદનીશ ચૂંટણી અધિકારીઓ અને પ્રાંત અધિકારીઓ તથા માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા, ચૂંટણી તંત્ર દ્વારા માન્યતાપ્રાપ્ત તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં (EMS) સોફ્ટવેરની મદદથી રેન્ડમાઈઝેશન પ્રક્રિયા હાથ ધરાઈ હતી. હવે વિધાનસભા બેઠક કક્ષાએ દ્વિતીય રેન્ડમાઈઝેશન કરવામાં આવશે. તમામ વિધાનસભા બેઠકોમાં તેમને ફાળવવામાં આવેલા મતદાન યંત્રો- વીવીપેટના સુરક્ષિત સંગ્રહ માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તથા સી.સી.ટી.વી કેમેરા સાથે સ્ટ્રોન્ગ રૂમ્સ ઊભા કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઈ.વી.એમ.માં બેલેટ યુનિટ અને કન્ટ્રોલ યુનિટ એમ બે એકમોનો સમાવેશ થાય છે. ફર્સ્ટ રેન્ડમાઈઝેશન દરમિયાન ચૂંટણી પંચ દ્વારા નિયત ધારાધોરણો પ્રમાણે પ્રત્યેક વિધાનસભા ક્ષેત્રના કુલ મતદાન મથકોની સંખ્યાના ૧૨૫ ટકા લેખે BU- બેલેટ યુનિટ, ૧૨૫ ટકા લેખે ઝેં- કન્ટ્રોલ યુનિટ અને ૧૩૫ ટકા વીવીપેટ તકેદારીના રૂપમાં ફાળવણી થશે. ૫૪૫૮ મતદાન મથકો માટે ઉપરોક્ત ધારાધોરણ પ્રમાણે બેલેટ યુનિટ્સ- કન્ટ્રોલ યુનિટ્સ અને વીવીપેટની ફાળવણી કરાશે. ફર્સ્ટ રેન્ડમાઈઝેશન બાદ સશસ્ત્ર પોલીસ સુરક્ષા હેઠળ સોમવારથી જિલ્લાના સંબધિત એ.આર.ઓ.ને ઈ.વી.એમ.ની સોંપણી કરવામાં આવશે. મતદાનની તારીખ પૂર્વે દરેક વિધાનસભા બેઠકને ફાળવવામાં આવેલા કુલ ઈ.વી.એમ અને વીવીપેટનું ફરીથી સેકન્ડ રેન્ડમાઈઝેશન કરાશે અને તેના આધારે ક્યા નંબરનું યંત્ર ક્યા મતદાન મથકે જશે, તે નિર્ધારિત કરાશે.'આ પ્રસંગે અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના ચૂંટણી અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કર અને સુશ્રી નેહા ગુપ્તા સહિત તમામ મદદનીશ ચૂંટણી અધિકારીઓ અને પ્રાંત અધિકારીઓ તથા માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### એરપોર્ટ બહાર નીકળતી વખતે બરાબરના ફસાયા

# સ્મગલર્સે સોનાને ઓગાળી પેસ્ટમાં એવું કેમિકલ ભર્યુ

### સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી ૭૦૦ ગ્રામની સોનાની દાણચોરી કરવા બદલ પાંચની ધરપકડ



। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ સિટી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સોનાની દાણચોરી કરતી ગેંગને દબોચી લેવામાં આવી છે. સરદાર વલ્લભભાઈ પ ટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ૭૦૦ ગ્રામની સોનાની દાણચોરી કરવા બદલ પાંચ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. વાત કરીએ એરપોર્ટ પર સ્મગલર્સે પોલીસને ચકમો આપવા સોનાને પીગાળીને પેસ્ટમાં એવુ કેમિકલ મિશ્ર કર્યુ કે તે લોકો પકડાય નહીં પરંતુ આ સમય દરમિયાન પોલીસે એરપોર્ટ પરથી એક એસયુવી કારમાં નીકળેલી શખ્સોને ફિલ્મી ઢબે દબોચી લીધા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર ગુરુવારે સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ (SVPI) એરપોર્ટ મારફતે યુનાઈટેડ આરબ અમીરાતથી પેસ્ટના રૂપમાં રૂ. ૪૮.૮૮ લાખની કિંમતના ૭૦૦ ગ્રામ સોનાની દાણચોરી કરવા બદલ પાંચ શખસોની ધરપકડ ક્રાઈમ બ્રાન્ચ ટીમ દ્વારા કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચના પોલીસ કોન્સ્ટેબલ કૌશિક કાંતિ એરપોર્ટ નજીક પેટ્રોલિંગમાં હતા ત્યારે તેમને અને હેડ કોન્સ્ટેબલ હિતેશને ગોલ્ડ સ્મગલિંગ થતું હોવાની બાતમી મળી હતી અને તેમાં સામેલ કેટલાક લોકો UAEથી તેને લાવતા કેરિયરને મળવા એરપોર્ટ પર પણ પહોંચી ગયા હતા. આ દરમિયાન પ ોલીસ અધિકારીઓ ટર્મિનલ-૨ પર પ હોંચ્યા અને શંકાસ્પદ લોકો જણાયા તેમના વાહનોની તપાસ કરવાનું શરૂ કરી દીધી હતી. આ દરમિયાન જ્યારે ટીમને એવી સૂચના મળી કે આ સ્મગલર્સ એક એસયુવી કારમાં બેસીને એરપોર્ટથી ડફનાળા તરફ જઈ રહ્યા છે. આ સમયે ફિલ્મી ઢબે ક્રાઈમ બ્રાન્ચની ટીમે આ વ્હિકલને ઓવરટેક કર્યું અને એમાંથી ૪ શખસો મળી આવ્યા હતા.

### ભાજપના નેતા પરષોત્તમ રૂપાલાનો વિવાદ

# કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહની અટકાયત

### પોલીસ તથા મહિપાલસિંહના સમર્થકો અને ક્ષત્રિય સમાજના લોકો વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી



। (એજન્સી) રઅમદાવાદ, તા.૬ ।

ભાજપના દિગ્ગજ નેતા અને રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલી એક ટિપ્પ ણી બાદ શરૂ થયેલો વિવાદ શાંત થવાનું નામ લઈ રહ્યો નથી. રૂપ ાલાની ટિપ્પણીના કારણે ક્ષત્રિય સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને તેમણે રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગણી કરી છે અને રાજ્યભરમાં તેમના વિરુદ્ધ દેખાવો થઈ રહ્યા છે. તેવામાં શનિવારે કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ મકારણા પણ અમદાવાદ આવી પહોંચ્યા હતા. તેઓ બોપલમાં ક્ષત્રિય સમાજની મહિલાઓને મળવા જાય તે પહેલા જ તેમની અટકાયત કરવામાં આવી હતી. ક્ષત્રિય સમાજની મહિલાઓએ જોહર કરવાની ચિમકી ઉચ્ચારી હતી અને મહિપાલ સિંહ તેમને મળવા જવાના હતા. જોકે, તેઓ તેમને મળવા પહોંચે તે પહેલા જ પોલીસ દ્વારા તેમની અટકાયત કરવામાં આવી હતી. જેના કારણે ત્યાં વાતાવરણ તંગ બની ગયું હતું અને પોલીસ તથા મહિપાલસિંહના સમર્થકો અને ક્ષત્રિય સમાજના લોકો વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી. કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાના નિવેદન સામે ગુજરાતમાં ગુસ્સો ઓછો થઈ રહ્યો નથી. ક્ષત્રિય સમુદાયની સાત મહિલાઓએ રાણી પદ્માવતી અને તેમની દાસીઓની જેમ તેમના સ્વાભિમાનને બચાવવા માટે જોહર (આત્મહત્યા) કરવાની ધમકી આપી છે. આ પછી રાજકોટને લઈને ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. ક્ષત્રિય સમાજમાંથી સતત માંગ ઉઠી રહી છે કે ભાજપ રાજકોટમાં બીજા કોઈને ચૂંટણીની ટિકિટ આપે. ક્ષત્રિય સમાજનું અપમાન કરનાર રૂપાલાની ટિકિટ પાછી ખેંચી લેવાની માંગ સાથે હવે મહિલાઓ આગળ આવી છે. ક્ષત્રિય સમાજે ભાજપ પાસે રૂપાલાની ટિકિટ પાછી ખેંચવાની માંગ કરી હતી. વિરોધના ૧૩માં દિવસે રાજકોટમાં ક્ષત્રિય સમાજની બેઠક મળી હતી. જેમાં આગળની વ્યૂહરચના ઘડવામાં આવી રહી છે, જ્યારે બીજી તરફ ક્ષત્રિય સમાજની મહિલાઓએ ભાજપના રાજકોટ પાર્ટી કાર્યાલય કમલમ બહાર રૂપાલા સામે જોહર (આગ લગાવીને જીવ ગુમાવવાની) ચીમકી આપી છે. આ મહિલાઓના વીડિયો સામે આવ્યા બાદ તેમની સુરક્ષા વધારી દેવામાં આવી છે. રૂપાલાએ પ્રચાર શરૂ કરી દીધો છે તો બીજી તરફ શહેરમાં તેમના વિરુદ્ધ બહિષ્કારના પોસ્ટરો લાગી રહ્યા છે.

## બનાસકાંઠામાં યુવકને પ્રેમ પ્રકરણમાં તાલિબાની સજા આપવામાં આવી

### યુવક ઇજાગ્રસ્ત મળી આવ્યો હતો અને હાલમાં તે હોસ્પિટલમાં તબીબી સારવાર મેળવી રહ્યો છે



। (એજન્સી) બનાસકાંઠા, તા.૬ ।

માનવતાને શરમાવે તેવો એક કિસ્સો સામે આવ્યો છે. આપણે અહેવાલોમાં અનેકવાર વાંચ્યું હશે કે લોકો છાશવારે કાયદો પોતાના હાથમાં લેવાનો પ્રયાસ કરે છે. ચોર પકડાઈ જવાની વાત હોય કે પછી કોઈને સબક શીખવાડવાની વાત હોય, લોકો ભાન ભૂલીને કાયદો પ ોતાના હાથમાં લે છે. તેઓ જાતે જ ન્યાયપાલિકા બનીને તાલિબાની નિર્ણયો પર આવી જાય છે. આવી જ એક ઘટના બનાસકાંઠામાં બની છે. જેમાં એક યુવકને પ્રેમ પ્રકરણમાં તાલિબાની સજા આપવામાં આવી છે.

આ ઘટના વિશે જણાવીએ તો બનાસકાંઠાના યુવકને યુવતીના ભાઈઓ બળજબરીથી લઈ ગયા હતા, તેને બળજબરીથી રિક્ષામાં બેસાડીને અજ્ઞાત સ્થળે લઈ ગયા હતા. ત્યારબાદ યુવતીના ભાઈ તેના સાથીદારો સાથે મળીને એક નિર્જન સ્થળે યુવકને બેફામ માર માર્યો હતો. તેના હુમલાખોરો દ્વારા ઈન્જેક્શન આપવામાં આવ્યું અને બેભાન કરવામાં આવ્યું, યુવક ઈજાગ્રસ્ત મળી આવ્યો હતો અને હાલમાં તે હોસ્પિટલમાં તબીબી સારવાર મેળવી રહ્યો છે.એટલું જ નહીં, ડીસામાં યુવકનું મુંડન પણ કરાયું હતું. ડીસામાં યુવકને પ્રેમ પ્રકરણમાં માથે ટકો કર્યો હોવાની આશંકા પોલીસ દ્વારા સેવવામાં આવી છે. રાત્રે મળવા માટે બોલાવી પ્રેમિકાના પતિ સહિત લોકોના ટોળાએ યુવકને ટકો કર્યો હોવાની આશંકા છે. બળજબરીથી યુવકને ઉપાડી જઈ માર મારી વિડીયો બનાવી વાયરલ કર્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને ડીસા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. યુવકને માથે ટકો કરનાર ચાર લોકો સામે ફરિયાદ નોંધાઈ ચૂકી છે. ડીસા તાલુકા પ ોલીસે વધુ તપાસ હાથ કરી છે. બળજબરીથી યુવકને ઉપાડી જઈ માર મારી વિડીયો બનાવી વાયરલ કર્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને ડીસા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. યુવકને માથે ટકો કરનાર ચાર લોકો સામે ફરિયાદ નોંધાઈ ચૂકી છે. ડીસા તાલુકા પોલીસે વધુ તપાસ હાથ કરી છે.

### ૭૮ લાખ જમા કરાવવાની લાલચમાં તેણે ૧૬ લાખ રૂપિયા

# રાજકોટનો વેપારી બન્યો સાઇબર ક્રાઇમનો ભોગ, ૧૬ લાખની છેતરપિંડી થઇ

### નતાશા મિત્રા નામથી ફેસબુક પ્રોફાઇલ બનાવનાર વ્યક્તિ પર તેની સાથે છેતરપિંડી કરવાનો આરોપ લગાવ્યો

। (એજન્સી) રાજકોટ, તા.૬ ।

રાજકોટનો એક વેપારી કૌભાંડનો ભોગ બન્યો હતો અને કોઈ વારસદાર ન હોય તેવા શ્રીમંત વ્યક્તિ દ્વારા અમેરિકન બેંકમાં કથિત રીતે ઈ૭૮ લાખ જમા કરાવવાની લાલચમાં તેણે ૧૬ લાખ રૂપિયા ગુમાવ્યા હતા. ઓનલાઈન ટ્રેડિંગ કરતાં કરતા નિલેશ પ ટેલે ગુરુવારે રાજકોટના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેણે એક વ્યક્તિ પર '' નતાશા મિત્રા '' નામથી ફેસબુક પ્રોફાઈલ બનાવનાર વ્યક્તિ પર તેની સાથે છેતરપિંડી કરવાનો આરોપ લગાવ્યો .પટેલે તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે ગયા વર્ષે જુલાઈમાં તેમને મિત્રાની ફેસબુક પ્રોફાઈલ પરથી એક સંદેશ મળ્યો હતો જેમાં તેમનામાં રસ દર્શાવતો



હતો અને 'કંઈક વિશેષ'નું વચન આપ્યું હતું. તેના પછી ઈ-મેઈલ પર આપલે થઈ. જ્યાં વ્યક્તિએ પ ોતાની ઓળખ યુ.એસ.માં દ્રરૂઝ્મ બેંકમાં મુખ્ય વહીવટી અધિકારી તરીકે આપી. તેણે પટેલને તેના ઓળખ પત્રની એક નકલ આપી અને તેને એક ભારતીય વેપારી વિશે જાણ કરી જેનું તાજેતરમાં અવસાન થયું હતું. તેણે કોઈ વારસદાર વિના $૭૫ લાખની ડિપોઝિટ છોડી દીધી હતી. તેણે પટેલને મૃ ત ઉદ્યોગપતિના વારસદાર બનવા અને જરૂરી પ્રમાણપત્ર મેળવવાની તક આપી, પરંતુ બદલામાં, પ ટેલે બેંક ડિપોઝિટના ૬૦% સોંપ વાના હતા. ત્યારબાદ પટેલને યુએસમાં એડવોકેટ રાખવા અને આશરે રૂ. ૧૬ લાખ ટ્રાન્સફર કરવાની સૂચના આપવામાં આવી હતી. તેને વધુ ૨૦ લાખ રૂપિયા ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું, પ રંતુ તેમણે છેતરપિંડીની આશંકાથી તેણે સાયબર ક્રાઈમ પોલીસમાં ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. તેને વધુ ૨૦ લાખ રૂપિયા ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું, પ રંતુ તેમણે છેતરપિંડીની આશંકાથી તેણે સાયબર ક્રાઈમ પોલીસમાં ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી.

## લાલ શાહીથી વોન્ટેડ બતાવેલ આરોપીને પકડી પાડતી દાણીલીમડા પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોર્ડ



। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૬ ।

પોલીસ કમિશનર અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર- ૨ તથા ના પોલીસ કમિશનર ઝોન - ૬ તથા મદદનીશ પોલીસ કમિશનર કે ડિવીઝનનાઓ દ્વારા આગામી લોકસભાની ચુંટણી અનુસંધાને અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં તથા અમદાવાદ શહેર ખાતે દાખલ થયેલ મિલકત સંબંધી તથા શરીર સંબંધી ગુન્હાના નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર જી.જે. રાવતની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે. સર્વેલન્સ સ્કોડના પીએસઆઈ બી.બી. વાઘેલા તતા એએસઆઈ રમેશભાઈ નાથુભાઈ બેચ નં. ૩૧૫૧ તથા અ.હે.કો. અમરસિંહ રઘુરાજસિંહ બ.નં. ૪૨૦૮ તથા અ.હે.કો. દિનેશભાઈ ગલબાભાઈ બ.નં. ૫૭૨૦ તથા અ.પો.કો. સરદારસિંહ અશ્વિનસિંહ બ.નં. ૬૩૨૨ વિગેરે સ્ટાફના માણસો હાજર હતા તે દરમિયાન એએસઆઈ રમેશભાઈ નાથુભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ સરદારસિંહ અશ્વિનસિંહનાઓએ સંયુક્ત બાતમી આધારે દાણીલીમડા પોલીસ સ્ટેશનના મિલકત સંબંધી ગુનામાં લાલ શાહીથી વોન્ટેડ બતાવેલ આરોપી ગોવિંદ સન ઓફ દિલીપભાઈ રાવત ઉ.વ. ૩૦ ધંધો, મજુરી રહે. મ.નં. ૨૬ અવધનગર સોસાયટી વસ્ત્રાલ ગામ રામોલ અમદાવાદ શહેરનાને દાણીલીમડા પોલીસ સ્ટેશન પાર્ટ એ માં ૭ગુ.ર.નં.૧૧૧૯ ૧૦૧૨ ૨૨૦૩૪૫/૨૦૨૨ થી ઈ.પી.કો.કલમ - ૩૭૯, ૧૧૪ મુજબ ગુનાના કામે પકડી અટક કરી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

## ડેપ્યુટી સરપંચ અને કોંગ્રેસનો નેતા જમીનના લેવલીંગના કામ માટે લાંચ લેતા ઝડપાયા

। (એજન્સી) સુરત, તા.૬ ।

સુરત જિલ્લાના માંડવી ખાતે આજે એસીબીએ છટકું ગોઠવ્યું હતું. જેમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ લાંચના છટકામાં ઝડપાઈ ગયા હતા. ઘટના એ હતી કે, ફરિયાદી ખેતીની જમીનને લેવલીંગ કરવા માટે પાતાલ ગ્રામ પંચાયતમાં અરજી આપી હતી. જે જમીન લેવલીંગ કરવા માટેના ગ્રામ પંચાયતમાં ઠરાવ પાસ કરવા માટે ગામનો સરપંચ અને તાલુકા પંચાયત સભ્ય આ બન્નેને તેઓ મળ્યા હતા. કામ માટે તેઓએ પ્રથમ દોઢ લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. ત્યારબાદ રકઝકના અંતે ૮૦ હજારમાં પતાવટ થઈ હતી. જે પૈકીના ૩૫ હજાર રૂપિયા આપવાના હોય ફરિયાદીએ એસીબીનો સંપર્ક કર્યો હતો. આરોપીઓએ ૩૫ હજાર રૂપિયા માંડવીના અગ્રેસર મહાદેવ મંદિર નજીક લેવડદેવડ કરવા જતાં બંને રંગે હાથ ઝડપાઈ ગયા હતા. લાંચ લેનાર બે ઈસમો પૈકી એક પાતાલ ગામનો ડેપ્યુટી ભુપેન્દ્ર તેમજ માંડવી તાલુકા પંચાયત સાલૈયા બેઠકના કોંગ્રેસના સભ્ય અને વિપક્ષ નેતા શંકર ચૌધરી બન્ને લાંચના છટકામાં ઝડપાઈ ગયા હતાં.

સમગ્ર કાર્યવાહી તાપી જિલ્લા એસીબીના મહિલા પી આઈ આર. આર. ચૌધરી ટીમ દ્વારા કરવામાં આવી હતી. લાંચ લેનાર બે ઈસમો પૈકી એક પાતાલ ગામનો ડેપ્યુટી ભુપ ેન્દ્ર તેમજ માંડવી તાલુકા પંચાયત સાલૈયા બેઠકના કોંગ્રેસના સભ્ય અને વિપક્ષ નેતા શંકર ચૌધરી બન્ને લાંચના છટકામાં ઝડપ ાઈ ગયા હતાં. સમગ્ર કાર્યવાહી તાપી જિલ્લા એસીબીના મહિલા પી આઈ આર. આર. ચૌધરી ટીમ દ્વારા કરવામાં આવી હતી. લાંચ લેનાર બે ઈસમો પૈકી એક પાતાલ ગામનો ડેપ્યુટી ભુપેન્દ્ર તેમજ માંડવી તાલુકા પંચાયત સાલૈયા બેઠકના કોંગ્રેસના સભ્ય અને વિપક્ષ નેતા શંકર ચૌધરી બન્ને લાંચના છટકામાં ઝડપ ાઈ ગયા હતાં. સમગ્ર કાર્યવાહી તાપી જિલ્લા એસીબીના મહિલા પી આઈ આર. આર. ચૌધરી ટીમ દ્વારા કરવામાં આવી હતી.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨